## સુવિચાર

જિંદગીમાં તમને રોકવા-ટોકવા વાળો કોઇ હોય તો એનો આભાર માનજો કારણ કે જે બગીચાઓમાં માળી નથી હોતા, એ બગીચાઓ વેર વિખેર થઇ જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





ધોરાજીનાં સુપેડી ગામ નજીક વાહન ચાલકે હડફેટે લેતા યુવતીનુ મોત P-4



Year-16, Issue-42 ■ DATE : 27-05-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# આ વખતે બધુ કેમેરા સામે કર્યું જેથી કોઈ પુરાવા ન માંગે: મોદી



## ગાંધીનગરમાં યોજાયો ભવ્ય રોડ શો: વડાપ્રધાનના હસ્તે મહાત્મા મંદિરમાં ૫,૫૩૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્દઘાટન અને શિલાન્યાસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહલગામ આતંકી હુમલાનો ભારતીય સેનાને પાકિસ્તાનને જડબાતોડ આપ્યો છે. આ ઓપરેશન સિંદૂરની સફળતા બાદ પહેલી વખત ગાંધીનગર આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા માટે ગાંધીનગરમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાન મોદીનો આજે ગુજરાત પ્રવાસનો બીજો દિવસ છે. ગાંધીનગરમાં રોડ શો બાદ તેમણે મહાત્મા મંદિરમાં ૫,૫૩૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્દઘાટન અને શિલાન્યાસ કર્યું. આ દરમિયાન તેમણે ગુજરાત શહેરી વિકાસની ૨૦મી વર્ષગાંઠના સમારંભમાં જનમેદનીને સંબોધન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેનાની કાર્યવાહીના પુરાવા માંગનારા વિપક્ષી નેતાઓ પર નિશાન સાધતા કહ્યું કે, આ વખતે પુરાવા આપવા નહીં પડે, કારણ કે આ વખતે ઉપરવાળો પુરાવા આપી રહ્યો છે. હું ૨ દિવસથી ગુજરાતમાં છું. ગઈકાલે હું વડોદરા, દાહોદ, ભુજ, અમદાવાદ ગયો અને આજે ગાંધીનગર આવ્યો છું. હું જ્યાં જ્યાં ગયો ત્યાં દેશભક્તિનો જુવાળ હોય તેવું લાગી રહ્યું હતું. ગર્જના કરતો સિંદૂરિયો સાગર અને લહેરાતો તિરંગો જન-જનના હૃદયમાં માતૃભૂમિ પ્રત્યે અપાર પ્રેમ દર્શાવતો હતો. આવો નજારો અને આવો દ્રશ્ય હતું. આ માત્ર ગુજરાતમાં જ નહીં, હિન્દુસ્તાનના ખૂણે ખૂણે છે. શરીર ભલે ગમે તેટલું સ્વસ્થ હોય, પણ જો એક કાંટો વાગે તો આખું શરીર પરેશાન થઈ જાય છે. અમે નક્કી કર્યું છે કે તે કાંટાને કાઢીને જ રહીશું. વડાપ્રધાન મોદીએ ભારત-પાકિસ્તાનના ભાગલાની વાત કરતા કહ્યું કે, વર્ષ ૧૯૪૭માં મા ભારતીના ટુકડા થયા, ત્યારે સાંકળો કપાવી જોઈતી હતી પણ ભુજાઓ કાપી નાખવામાં આવી. દેશના ૩ ટુકડા કરી દેવામાં આવ્યા. તે જ રાત્રે પહેલો આતંકવાદી હુમલો કાશ્મીરની ધરતી પર થયો. મા ભારતીનો એક ભાગ આતંકવાદીઓના દમ પર મુજાહિદ્દીનોના નામે પાકિસ્તાને હડપ કરી લીધો. જો તે જ દિવસે આ મુજાહિદ્દીનોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોત, સરદાર પટેલની ઈચ્છા હતી કે જ્યાં સુધી પાછું ન આવે ત્યાં સુધી સેના રોકાવી ન જોઈએ, પણ સરદાર સાહેબની વાત કોઈએ માની નહીં. આ મુજાહિદ્દીનો જે લોહી ચાખી ગયા હતા તે સિલસિલો ૭૫ વર્ષથી ચાલ્યો આવે છે. પહલગામમાં પણ તેનું જ વિકૃત રૂપ હતું.

વડાપ્રધાન મોદીએ કહ્યું, 'જેને આપણે આજ સુધી પ્રોક્સી યુદ્ધ કહેતા હતા, ૬ મે પછી જે દ્રશ્યો જોવા મળ્યા, તેના પછી આપણે હવે તેને પ્રોક્સી યુદ્ધ કહેવાની ભૂલ કરી શકીએ નહીં. કારણ કે જ્યારે માત્ર ૨૨ મિનિટની અંદર ૯ આતંકવાદી ઠેકાણાઓની ઓળખ કરીને તેમને નષ્ટ કરી દેવામાં આવ્યા, તો આ એક નિર્ણાયક કાર્યવાહી હતી. આ વખતે, બધું જ કેમેરા સામે કરવામાં આવ્યું, જેથી કોઈ પુરાવા ન માંગી શકે. આપણે આ વખતે પુરાવા આપવા નથી પડી રહ્યા, સામેવાળા પુરાવા આપી રહ્યા છે...'


મોદીએ કહ્યું, કે 'અમે અમારા કામમાં લાગેલા હતા, પ્રગતિના માર્ગે ચાલે રહ્યા હતા, અમે સૌનું ભલું ઇચ્છીએ છીએ અને મુસીબતમાં મદદ પણ કરીએ છીએ પરંતુ બદલામાં લોહીની નદીઓ વહે છે. ૧૯૬૦માં જે સિંધુ જળ સમજૂતી થઈ છે, જો તેની બારીકાઈમાં જશો તો તમે ચોંકી જશો. તેમાં ત્યાં સુધી નક્કી થયું કે જે જમ્મુ-કાશ્મીરની અન્ય નદીઓ પર બંધ બન્યા છે, તેમની સફાઈનું કામ કરવામાં આવશે નહીં. તેના માટે ગેટ ખોલવામાં આવશે નહીં. ૬૦ વર્ષ સુધી ગેટ ખોલવામાં આવ્યા નહીં. જેમાં સો ટકા પાણી ભરાવું જોઈતું હતું ધીમે ધીમે તેની ક્ષમતા ઓછી થઈ ગઈ. શું મારા દેશવાસીઓને પાણી પર અધિકાર નથી? અમે હજી કંઈ ખાસ કર્યું નથી અને ત્યાં પરસેવો છૂટી રહ્યો છે. અમે સફાઈ શરૂ કરી છે, એટલામાં ત્યાં પૂર આવી જાય છે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ સલામતી વ્યવસ્થાની સાથે ૫૦ હજારથી પણ વધુ લોકો રોડ શોમાં જોડાયા હતા. અહીં ૫૦ જેટલા બ્લોક રાખવામાં આવ્યા હતા. જ્યાં લોકોએ ઉભા રહીને વડાપ્રધાનને આવકાર્યા હતા. પીએમ મોદીએ ગાંધીનગર રાજભવનથી સેન્ટ્રલ વિસ્ટા થઇને મહાત્મા મંદિર સુધી રોડ શો યોજ્યો હતો. ત્યારે સેન્ટ્ર વિસ્ટાના આ રૂટ પર તિરંગાની થીમ પર સજાવટ કરવામાં આવી હતી. અહીં તિરંગા કલરમાં મંડપ બાંધવામાં આવ્યો હતો તો તિરંગા આધારિત કલર કોડ પણ રાખવામાં આવ્યા હતા. રોડ શો યોજ્યા બાદ પીએમ મોદી મહાત્મા મંદીર પહોંચ્યા હતા.

આ દરમિયાન મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રોડ અને બિલ્ડિંગ વિભાગ હેઠળ ૧૭૦ કરોડના પ્રોજેક્ટ્સ,જળ સંસાધન વિભાગ હેઠળ ૧૮૬૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠામાં ૮૮૮ કરોડના ખર્ચે બનનારી થરાદ ધાનેરા પાઇપલાઇન, ૬૭૮ કરોડના ખર્ચે દિયોદર લાખણી પાઇપલાઇનના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કોરોનાનો પગપેસારો: ૩ નવા કેસ સામે આવ્યા

### જામનગરમાં એકટીવ કેસની સંખ્યા ૧૦ થઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સહિત દેશમાં ફરી કોરોનાના કેસ વધ્યા છે ત્યારે સૌરાષ્ટ્રમાં પણ પગપેસારો વધ્યો છે. ગઈકાલે જામનગરમાં એક સાથે સાત કેસ નોંધાયા છે. તો રાજકોટમાં વધુ ત્રણ કેસ નોંધાયા છે.

જામનગરમાં નોંધાયેલા તમામ દર્દી હોમ આઇસોલેશનમાં છે. તો રાજકોટમાં પણ દર્દીઓ ઘરે સારવ-ારમાં છે અને અગાઉના કેસમાં દર્દી સાજા પણ થઇ ગયાનું આરોગ્ય તંત્રએ જણાવ્યું છે. નવા કેસ શિવ પાર્ક, ગોવિંદનગર, સિલ્વર સોસાયટીમાં નોંધાયા છે.

આ અગાઉ મવડી વિસ્તારમાં એક કેસ આવ્યો હતો. જોકે કોર્પો. તંત્ર સત્તાવાર રીતે કોઇ કેસ જાહેર કરતું નથી. પરંતુ સરકારના પોર્ટલ પર નોંધ મોકલાઇ રહી છે. કોરોનાથી કોઇ ચિંતાજનક હાલત નહીં હોવાનું આરોગ્ય વિભાગ કહે છે. તો ભાવનગરમાં પણ એક આધેડને કોરોના નિદાન થયું છે.

દેશ અને રાજ્ય!માં કોરોના ના સંખ્યા સતત વધી રહી છે, ત્યારે જામનગર શહેર પણ તેમાં બાકાત નથી. જામનગરક્ષમાં એક સાથે સાત પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે હાલ માં જામનગર માં કુલ ૧૦ કેસ એક્ટિવ છે.

ફરી એક વખત કોરોના એ ઉપાડો લીધો છે. અને ધીમા પગલે જામનગરમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. આજે જામનગર શહેર માં એક સાથે સાત નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. તેથી આરોગ્ય વિભાગ ની દોડધામ વધી જવા પામી છે.

કામદાર કોલોની માં રહેતા એક જ પરિવારના ચાર સભ્યો કોરોનાથી સંક્રમિત બન્યા છે, જ્યારે ઘાંચી વાડ માં બે કેસ અને પાર્ક કોલોની માં એક કેસ નોંધાયો છે. તમામ સાત દર્દીઓ ને હોમ કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. જામનગરના પંચવટી વિસ્તારમાં રહેતા. એક ૩૭ વર્ષના યુવકના ક્ધસલ્ટન્ટ ડોક્ટરે તેનો કોરોના ટેસ્ટ કરાવતા યુવક કોરોના પોઝિટીવ હોવાનું સામે આવતાં તંત્રને જાણ કરવામાં આવતા આરોગ્ય શાખાના ડોક્ટરો અને સ્ટાફે યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી લીધી હતી તેમજ પરિવારના બે સભ્યોના કોરોના ટેસ્ટ કરાવ્યા હતા. જે નેગેટીવ આવ્યા છે.

દરમિયાન હળવા લક્ષણો સાથેના આ યુવા દર્દીને હોમ આઈસોલેટ રખાયો છે. ત્યારે ત્રણ દિવસ પછી શહેરના પટ્ટણીવાડ, ઘાંચીવાડ અને કામદાર કોલોનીમાં કોરોનાના નવા છ કેસ નોંધાયા છે. જેમાં પટ્ટણીવાડમાં ૩૯ વર્ષિય મહિલા, ઘાંચીવાડની સોસાયટીમાં ૪૦ વર્ષિય મહિલા તેમજ કામદાર કોલોનીમાં એક જ પરિવારના ૪ સભ્યોના કોરોના ટેસ્ટ પોઝિટીવ હોવાનું સામે આવતાં કોર્પોરેશનનું આરોગ્ય તંત્ર દોડતું થયું છે. તથામ દર્દીઓ હળવા લક્ષણો ધરાવતા હોવાથી હોમ-આઈસોલેટ કરાયા છે. કોઈને હોસ્પિટલમાં દાખલ કરાયા નથી.

આરોગ્ય તંત્ર જણાવે છે કે, બે મહિલા દર્દીઓની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જયારે કામદાર કોલોનીમાં એક જ પરિવારના ચાર પોઝિટીવ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળે છે.

ઉપરાંત ચારેક દિવસ પહેલા કોરોનાના એક કેસ તથા શનિવાર અને રવિવારમાં બે કેસ નોંધાયા હતા આમ જામનગરમાં હાલ ૧૦ કેસ એક્ટિવ છે. જો કે તમામ ની ઘરે જ સારવાર ચાલી રહી છે .કોઈ ને પણ હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી નથી. અને તમામ ની તબિયત સારી હોવા નું આરોગ્ય અધિકારી જણાવ્યું છે.

હોસ્પિટલ તંત્ર જણાવે છે કે, હોસ્પિટલમાં ૭૦૦ બેડ ઓક્સિજન લાઈન કનેક્ટેડ છે. તે ઉપરાંત હોસ્પિટલમાં દવાઓ અને વેન્ટિલેટરો સહિતની તમામ સુવિધાઓ પહેલેથી જ તૈયાર રખાઈ છે.

હરિદ્વાર જઈને ભાવનગરના રંઘોળા પરત આવેલા આધેડ કોરોનાથી સંક્રમિત થયા છે.કોરોનાગ્રસ્ત આધેડની સ્થિતિ સામાન્ય હોવાનું જાણવા મળ્યુ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ તાજેતરમાં હરિદ્વાર જઈને ભાવનગરના રંઘોળા પરત આવેલા ૫૫ વર્ષના આધેડ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમને શરદી ઉધરસની તકલીફ હોવાથી તેમનો ટેસ્ટ કરવામાં આવતા તેઓ કોરોના પોઝિટિવ હોવાનું માલુમ પડયુ હતુ.તેઓ હોમ આઇસોલેટેડ છે.જ્યાં કોરોનાગ્રસ્ત આધેડની સ્થિતિ સામાન્ય હોવાનું જાણવા મળ્યુ છે. ભાવનગરમાં કોરોનાનું પુનરાગમન થવા સાથે શહેર અને જિલ્લામાં કોરોનાના બે કેસ નોંધાયા હતા. જોકે બન્ને દર્દી રીકવર થયા છે. હોસ્પિટલમાં દાખલ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ત્યાં આજે જિલ્લામાં એક નવો કેસ નોંધાયો છે.

# ગુજરાતમાં ત્રણ દિવસ ભારે પવન સાથે છૂટાછવાયા વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી ગાજવીજ અને ભારે પવન સાથે છૂટાછવાયા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ (IMD) દ્વારા આજના દિવસ સહિત ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યના લગભગ તમામ ભાગોમાં હળવા થંડરસ્ટોર્મ એક્ટિવિટી સાથે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે આ વર્ષે ચોમાસું વહેલું આવવાનો રેકોર્ડ તોડી રહ્યું છે, ત્યારે ગુજરાતમાં પણ ચોમાસાનું વહેલું આગમન થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે અમદાવાદ સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. આ દરમિયાન ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા-ભડાકા થવાની સંભાવનાઓ છે.

આજની આગાહી મુજબ વરસાદની શક્યતા ધરાવતા જિલ્લાઓ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત. સૌરાષ્ટ્ર-કચ્છ જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, કચ્છ અને દીવ. સોમવારે હવામાન વિભાગ દ્વારા જે આગાહી કરવામાં આવી હતી તેમાં ભારે વરસાદની શક્યતાઓ હતી. જોકે, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી, જ્યારે કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં ઊંચું તાપમાન રહેવાની પણ શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન રાજકોટ, ભુજ અને સુરેન્દ્રનગરમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# સહમતીથી બનેલો સંબંધ આપરાધિક કેસનો આધાર ન બની શકે: સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, જો કોઈ સહમતિથી બનેલો સંબંધ બગડી જાય કે સાથી એકબીજાથી દુર થઈ જાય તો તે અપરાધીક કાર્યવાહીની માંગનો આધાર ન બની શકે.

આમ કરવુ માત્ર અદાલતો પર બિનજરૂરી બોજો નથી નાખતું બલકે આરોપીની ઓળખ પર પણ ધબ્બો લાગે છે. સુપ્રીમકોર્ટે આરોપીની વિરુદ્ધ લાગેલો રેપનો કેસ રદ કરતા ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.

સુપ્રીમકોર્ટે મહારાષ્ટ્રના સતારામાં જુલાઈ ૨૦૨૩માં લગ્નને ખોટું આશ્વાસન આપી રેપનો આરોપ લગાવવાના કેસમાં એક વ્યક્તિ સામે કરાયેલ આપરાધિક કેસ રદ કરી નાખ્યો હતો.

સુપ્રીમકોર્ટની જસ્ટીસ વી.વી.નાગરત્નાની આગેવાનીવાળી એફઆઈઆરમાં નોંધાયેલા આરોપોને પણ સાચા માની લેવામાં આવે તો પણ એવું નથી લાગતુ કે ફરિયાદીની સહમતી તેની ઈચ્છા વિરુદ્ધ માત્ર વિવાહના આશ્વાસન પર લેવામાં આવી હતી.

સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે, અમારા વિચારથી આ આવો કેસ નથી, જેમાં શરૂઆતથી જ ખોટા વિવાહનો વાયદો કરવામાં આવ્યો હોય, સહમતીથી બનેલો સંબંધ બગડી જવાનો કે અંતર વધી જવું આપરાધિક કેસનો આધાર નથી બની શકતો. બેન્ચે કહ્યું હતું કે આવું આચરણ અદાલતો પર બિનજરૂરી બોજ નાખે છે અને આરોપીની પ્રતિષ્ઠાને મોટો આઘાત પહોંચાડે છે.

સુપ્રીમકોર્ટે આ ફેસલો એ અપીલ પર સંભળાવાયો હતો જેમાં આરોપીએ બોમ્બે હાઈકોર્ટના જૂન ૨૦૨૪ના આદેશની વિરુદ્ધ અપીલ કરી હતી. હાઈકોર્ટે સતારામાં નોંધાયેલ કેસને રદ કરવાની તેની અરજી ફગાવી હતી. બાદમાં યુવકે સુપ્રીમમાં ધા નાખી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ખુદ મહિલાએ એ સ્વીકાર્યું હતું કે તેઓ એકબીજાને વારંવાર મળતા હતા અને પ્રેમમાં પડી ગયા હતા. તેઓ એકબીજાને વારંવાર મળતા હતા. સાથે સાથે ૨૯ ડિસેમ્બર ૨૦૨૨માં મહિલાએ પોતાના પુર્વ પતિથી ખુલ્લાનામા લઈ લીધા હતા. જે મુસ્લિમ મહિલાઓને એક તરફી તલાકનો અધિકાર દે છે.

બેન્ચે જણાવ્યું હતું કે, ફરિયાદીએ લગ્નના આશ્વાસન આરોપી સાથે ફરિયાદીએ શારીરિક સંબંધ બાંધ્યા હતા, જયારે તે પહેલેથી વિવાહિત હતી. બેન્ચે કહ્યું કે મહિલાનું આરોપીના ગામમાં માહિતી આપ્યા વિના જવું તેની વ્યથિત અને અશાંત માનસિકતાને દર્શાવે છે.

# કોઈપણ પરિસ્થિતિમાં આપણા દેશનો તિરંગો ઝૂકવો જોઈએ નહીં: નરેન્દ્ર મોદી

## કચ્છ દુનિયામાં ગ્રીન એનર્જીનું સૌથી મોટુ કેન્દ્ર બનવા જઇ રહ્યું છે : ભૂજથી ૫૩,૪૦૦ કરોડના વિકાસ કામોની ભેંટ

**મુખ્ય સમાચાર, ભુજ**

ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પહેલીવાર દેશના સરહદી જિલ્લા કચ્છ ખાતે પધાર્યા હતા. વડાપ્રધાન ભુજ ખાતેથી રૂ. ૨૩૨૬ કરોડના ૧૮ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ. ૫૧,૦૮૮ કરોડના ૧૫ કામોનો શિલાન્યાસ કરતા કુલ મળીને રૂ. ૫૩,૪૦૦ કરોડથી વધુના વિકાસપ્રકલ્પોની રાજ્યને ભેટ આપી છે. ભુજના ટાઇમ સ્ક્વેર સામેના મેદાનમાં ભારત માતા કી જયના ઘોષ વચ્ચે વડાપ્રધાન જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ પણ પરિસ્થિતિમાં આપણા દેશનો તિરંગો ઝૂકવો જોઈએ નહીં. કચ્છીમાડુઓને સ્થાનિક મીઠી બોલીમાં આવકાર આપીને જણાવ્યું હતું કે, કચ્છના લોકો સરહદના સંત્રીઓ છે.

પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાનશ્રીએ ''કિં આંયો કચ્છી'' શબ્દોથી કચ્છીમાડુઓના હાલચાલ પૂછ્યા હતા. કચ્છી સપૂત ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્માને નમન કરીને વડાપ્રધાને ઉમેર્યું કે, કચ્છની દેશદેવી મા આશાપુરાના આર્શીવાદથી તમામ ઇચ્છાઓ પૂર્ણ થઈ છે.

કચ્છ સાથે પોતાના સંબંધોને યાદ કરીને વડાપ્રધાનશ્રીએ કહ્યુ હતું કે, કચ્છીમાડુઓનો અપાર પ્રેમ મને અવારનવાર કચ્છ ખેંચી લાવે છે. કચ્છના ખૂણેખૂણે જવાનો અવસર પ્રાપ્ત થયો એ વાતનો આનંદ વ્યક્ત કરતા વડાપ્રધાનશ્રીએ કચ્છના લોકોનો આત્મવિશ્વાસ તેમના જીવનને પ્રેરણા આપનારો ગણાવ્યો હતો.

નર્મદા નદીના પાણી થકી કચ્છમાં આવેલા આમૂલ પરિવર્તનનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું હતું કે, સદીઓથી પાણીની તંગીનો સામનો કરતા કચ્છમાં મા નર્મદાના નીરના અવતરણથી દિવાળી જેવો પ્રસંગ સર્જાયો હતો.

એક સમયના સૂકા મલક ગણાતા કચ્છમાં પાણીના અવતરણમાં નિમિત્ત બનવા બદલ વડાપ્રધાને પોતાના જીવનની ધન્ય ઘડી ગણાવી હતી. એક સમય એવો હતો કે કચ્છમાં પાણી નહોતું પણ કચ્છના ખેડૂતો પાણીદાર હતા.

જેમણે કચ્છના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. કચ્છના વિકાસની સંભાવનાઓને પારખવા સાથે આજે થયેલા કચ્છના વિકાસ અંગે વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, આશા અને નિરંતર પરિશ્રમથી કોઈપણ પરિસ્થિતિ બદલાઈ શકે તે કચ્છ જિલ્લાએ સાબિત કરી દીધું છે.





કચ્છ સહિત સમગ્ર દેશના રિન્યૂએબલ ઊર્જાના પ્રોજેક્ટ્સ દુનિયાની ગ્રીન ઈકોનોમી બ્લૂમ કરવામાં કેન્દ્રસ્થાને રહેશે એવો વિશ્વાસ વડાપ્રધાને આ તકે વ્યક્ત કર્યો હતો. કચ્છ દુનિયામાં ગ્રીન એનર્જીનું સૌથી મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ગ્રીન હાઇડ્રોજન એ નવા પ્રકારનું ઈંધણ છે. આગામી સમયમાં કાર, બસ, સ્ટ્રીટલાઈટ વગેરે તેનાથી ચાલશે, જે ભારતના ઊર્જા ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. કંડલા દેશના ત્રણ ગ્રીન હાઇડ્રોજન હબમાંનું એક છે. આજે અહીં ગ્રીન હાઇડ્રોજનના કારખાનાનો શિલાન્યાસ થયો છે, તેની ટેકનોલોજી મેઈડ ઈન ઈન્ડિયાની છે, જે આપણા સૌના ગૌરવની વાત છે.

ભારત ટૂરિઝમ પર વિશ્વાસ કરે છે, તેવું કહીને વડાપ્રધાને ઉમેર્યું હતું કે, ટૂરિઝમ લોકોને જોડવાનું કામ કરે છે. તેમણે પર્યટનના બદલે આતંકવાદને પ્રોત્સાહન આપતા પાકિસ્તાનની વાત કરતાં કહ્યુ હતું કે, આતંકવાદ ગંભીર વૈશ્વિક ખતરો છે અને તેની સામે આપણી નીતિ ઝીરો ટોલરન્સની છે, તે વાત ઓપરેશન સિંદૂર થકી આપણે વિશ્વ સમક્ષ ઉજાગર કરી છે.

# યુપીઆઈમાં ૧૦ સેવાઓનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેનો ઉપયોગ મર્યાદીત કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં યુનીફાઈડ પેમેન્ટ સિસ્ટમ એ અત્યંત લોકપ્રિય બની ગઈ છે અને તેનો ઉપયોગ પણ વધી રહ્યો છે પણ હવે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા જે આ સમગ્ર સીસ્ટમનું સંચાલન કરે છે. હવે બેન્કીંગની જેમ આ સેવા પર પણ કેટલીક લગામ લગાવવાનું શરૂ કર્યુ છે.

જે તા.૧ ઓગષ્ટથી અમલી બનશે. ખાસ કરીને યુપીઆઈમાં ૧૦ જેટલી સેવાઓનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેનો ઉપયોગ મર્યાદીત થાય તે નિશ્ચિત કરશે. ખાસ કરીને ઓટો પેમેન્ટ સીસ્ટમનો જે કમાન્ડ છે તેના પર સૌથી મોટો નિર્ણય લેવાયો છે.





વિવિધ પ્રકારની સેવાઓ, બિલીંગ, પેમેન્ટ, સબક્રીપ્શન વિ. જે દર માસ કે ચોકકસ સમયે તે આપોઆપ પેમેન્ટ થઈ જાય તેના કારણે વ્યસ્ત સમયમાં પણ યુપીઆઈ ટ્રાફીક વધી જાય છે. તેથી હવે તમામ યુપીઆઈ પેમેન્ટ એક ખાસ કયુ-લાઈનમાં હશે અને તે નોન વીક સમયે કે રાત્રીના સમયે જયારે યુપીઆઈ પર લેવડ દેવડ ઓછી-ધીમી હોય તે સમયે આ ઓટો પેમેન્ટ સિસ્ટમ એકટીવ થશે. ખાસ કરીને સવારે ૧૦થી૧ અને સાંજે ૫થી રાત્રીના ૯.૩૦ સુધી આ ઓટો પેમેન્ટ સિસ્ટમ કામ કરશે નહી અને તે સમયે રેગ્યુલર ટ્રાફિકને જ થવા દેવાશે. આ ઉપરાંત બેન્ક ખાતા જે યુપીઆઈ સાથે જોડાયેલા છે તેના બેલેન્સ ચેક કરવામાં જે રીતે વ્યવહારો થાય છે તેના બદલે હવે જે તે ટ્રાન્ઝેકશન થયા બાદ બેન્ક બેલેન્સ પણ આપોઆપ જાણ કરાશે.

જેથી તેના માટે અલગથી યુપીઆઈ ટ્રાન્ઝેકશનની જરૂર રહેશે નહી. આમ હવે વર્ષમાં ૫૦ વાર જ યુપીઆઈ મારફત બેલેન્સ ચેક કરી શકાશે. યુપીઆઈ સિસ્ટમ પર બિનજરૂરી બોજો ઘટાડવા આ નિર્ણય લેવાયા છે.

# મુંબઈ અને મહારાષ્ટ્રમાં ખાબકેલા વરસાદથી જાનમાલને વ્યાપક નુકશાન

### હજુ ભારે વરસાદનું રેડએલર્ટ: ૫ ના મોત

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈ-મહારાષ્ટ્રમાં ખાબકેલા વરસાદથી જાનમાલને વ્યાપક નુકશાન થયુ છે ત્યારે હવામાન વિભાગ દ્વારા મહારાષ્ટ્રનાં અનેક જીલ્લાઓમાં વધુ વરસાદની ચેતવણી આપવા સાથે રેડએલર્ટ જારી રહ્યું છે.

ભારતના આ વર્ષે નૈઋત્ય ચોમાસુ ઘણુ વહેલુ આવી જ ગયુ છે. કેરળ અને કર્ણાટકમાં એક સાથે પ્રવેશ કરી લીધા બાદ એક જ દિવસમાં મહારાષ્ટ્રમાં પહોંચી ગયુ હતું. મુંબઈ, પુના સહીત મહારાષ્ટ્રનાં અનેક ભાગોમાં ઝંઝાવાતી વરસાદ થયો હતો ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાવા સાથે સૌથી વધુ વરસાદનો ૧૦૭ વર્ષનો રેકોર્ડ તૂટયો હતો. માર્ગ રેલ વિમાની સેવા પ્રભાવીત થઈ હતી. માર્ગો પર કાર વાહનો ડુબેલી હાલતમાં જોવા મળ્યા હતા. હવામાન વિભાગ દ્વારા મુંબઈ થાણે રાયગઢ તથા રત્નાગીરી જીલ્લાઓમાં હજુ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયુ છે.



હજુ બે દિવસ ભારે વરસાદનું એલર્ટ અપાયુ છે. મુંબઈમાં ભારે વરસાદ ત્રાટકવા સાથે વિજળી પડવાથી ચાર તથા અન્ય એકનું ડુબી જવાથી મોત નીપજયુ હતું.

હવામાન વિભાગે મુંબઈ ઉપરાંત દિલ્હી સહીત ઉતર ભારતનાં રાજયોમાં પણ હવામાન પલટાની આગાહી કરી છે તેજ પવન સાથે હળવો વરસાદ થવાનું અનુમાન દર્શાવવામાં આવ્યું છે. પૂર્વ પશ્ચિમી ઉતર પ્રદેશમાં ભારે પવન સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જામનગર જિલ્લાના મહત્વપૂર્ણ વીજ પ્રોજેક્ટ્સનું કરાયું લોકાર્પણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત રાજ્યના ઊર્જા ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ દિવસે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જામનગર સહિત અમદાવાદ, કચ્છ, જૂનાગઢ, ગીરસોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં કુલ રૂ. ૯૮૬ કરોડના વીજ પ્રોજેક્ટ્સનું કચ્છ જિલ્લાના ભુજ ખાતેથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જેમાં જામનગર જિલ્લાના રૂ. ૨૦૦ કરોડના ખર્ચે બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. જે જામનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજ પુરવઠાને સુદ્રઢ બનાવશે અને જિલ્લાના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રને નવી દિશા આપશે.જામનગરમાં ઊર્જા ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રગતિ.ભુજ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જામનગર જિલ્લામાં ઊર્જા ક્ષેત્રે બે મુખ્ય પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું છે, જે ભવિષ્યના વિકાસ માટે પાયાનું કામ કરશે.જેમાં રૂ.૭૫ કરોડના ખર્ચે ૧૩૨/૬૬ KV કનસુમરા સબસ્ટેશનનું લોકાર્પણ કરાયું છે. આ સબસ્ટેશન જામનગરના GIDC વિસ્તારમાં ઉદ્યોગોની વધતી વીજ માંગને સંતોષવામાં મદદરૂપ થશે અને સતત અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરશે. આ ઉપરાંત, જામનગર શહેરી વિસ્તારમાં પણ વીજ પુરવઠો સુધરશે.તેમજ રૂ.૧૨૫ કરોડના ખર્ચે ૨૨૦/૬૬ KV બબરઝર સબસ્ટેશન જે જામનગરના લાલપુર તાલુકા ખાતે લોકાર્પિત કરાયું છે.આ સબસ્ટેશન જામનગર અને આસપાસના વિસ્તારોમાં સૌર અને પવન ઊર્જાના ઉત્પાદનને મુખ્ય ગ્રીડ સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.આનાથી પુનઃપ્રાપ્ય ઊર્જાનો મહત્તમ ઉપયોગ થઈ શકશે અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજ પુરવઠો આપવામાં પણ મદદરૂપ થશે.

આ પ્રોજેક્ટ્સ ગુજરાત સરકારની વિકાસલક્ષી નીતિઓનું પ્રતિબિંબ છે, જે રાજ્યના નાગરિકો અને ઉદ્યોગોને અવિરત અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. આ નવા સબસ્ટેશનો અને ટ્રાન્સમિશન નેટવર્કના સશક્તિકરણથી રાજ્યના સર્વાંગી વિકાસને નવી ગતિ મળશે, અને ઔદ્યોગિક તેમજ કૃષિ ક્ષેત્રને વિકાસની નવી રાહ મળશે.

# હળવદના કેદારીયા ગામે વાડી તથા મોપેડમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ સાથે એક ઝડપાયો, સપ્લાયરનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના કેદારીયા ગામે શ્રાવણજાર નામની સીમમાં આવેલ વાડીમાં પોલીસે પૂર્વ બાતમીને આધારે રેઇડ કરી હતી. જ્યાં વાડીએ અને એકટીવા મોપેડમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૬ બોટલ મળી આવી હતી, જેથી તુરંત આરોપી વાડી-માલીકની અટક કરવામાં આવી હતી, પકડાયેલ આરોપીની પૂછતાછમાં વિદેશી દારૂનો જથ્થો માથક ગામના બુટલેગર પાસેથી લઈ આવ્યાનું જણાવતા હળવદ પોલીસે તેને ફરાર દર્શાવી બન્ને વિરુદ્ધ પ્રોહી.હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે કેદારીયા ગામે રહેતો મહેશ જીંજુવાડિયા શ્રાવણજાર સીમમાં આવેલ પોતાની વાડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય, જે મુજબની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત વાડીમાં પોલીસે દરોડો પાડતા જ્યાં વાડી તેમજ એકટીવા રજી.નં. જીજે-૩૬-એએન-૫૨૧૬ માંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૬ બોટલ કિ.રૂ.૪૦,૨૦૦/- મળી આવી હતી. આ સાથે દરોડા દરમિયાન હાજર વાડી માલીક આરોપી મહેશભાઈ ભીખાભાઇ જીંજુવાડિયા ઉવ.૨૯ની અટક કરવામાં આવી છે. જ્યારે પકડાયેલ આરોપીની પ્રાથમિક સઘન પૂછપરછમાં ઉપરોક્ત વિદેશી દારૂનો જથ્થો હળવદ તાલુકાના માથક ગામે રહેતા શક્તિભાઈ રાજુભાઇ ગોહિલ પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે તે આરોપીને વોન્ટેડ જાહેર કરી, એકટીવા તથા વિદેશી દારૂ સહિત ૮૦,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી આગળનો તપાસ ચલાવી છે.

# વર્લ્ડ મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડે અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા કાલાવડ તાલુકાની આંગણવાડી ખાતે કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વર્લ્ડ મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડેની ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ માસિક સ્વચ્છતાને લગતા મુદ્દાઓ પર વાતચીત કરી શકાય અને મહિલાઓના સ્વાસ્થ્ય અને સશક્તિકરણ માટે જાગૃતિ કેળવવાનો છે. માસિક સ્રાવએ સ્ત્રીઓના જીવન સાથે સંકળાયેલી એક કુદરતી પ્રક્રિયા છે. માસિક ધર્મ એટલે કે પીરિયડ્સ એ માતૃત્વનું સૂચક છે. સ્ત્રીના શરીરમાં દર મહિને થતી આ કુદરતી પ્રક્રિયા સૂચવે છે કે એ માતા બનવા માટે સક્ષમ છે. આ દિવસ માસિક ધર્મ સંબંધી સ્વચ્છતા જાળવવા અને તેને લગતી ગેરમાન્યતાઓને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે.જેના ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.અલ્તાફ વસનાણીના માર્ગદર્શન હેઠળ કાલાવડ તાલુકાના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખરેડીના ડેરી ગામની આંગણવાડી ખાતે આરોગ્ય ટીમના.

એમ.પી.ડબલ્યુ પીયુષભાઈ વાઘેલા , એફ.એચ.ડબલ્યુ અંજુબેન નિસરતા, ગામના આશા કાર્યકર હંસાબેન પરમાર અને આંગણવાડી વર્કર રેખાબેન દ્વારા વિસ્તારની ૨૮ જેટલી કિશોરીઓને મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડે અંતર્ગત માસિક સ્વચ્છતા , સેનેટરી પેડ વિષે



માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આંગણવાડી ખાતે ઉપલબ્ધ પૂર્ણાશક્તિના પેકેટ વિષે માહિતી, આયર્ન ગોળી અને એનીમિયા વિષે સમજાવામાં આવ્યું હતું. ત્યારબાદ છોકરીઓનો વજન, ઉંચાઈ, અને હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. ઓછુ હિમોગ્લોબીન ધરાવતી ૨ કિશોરીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખરેડી રીફર કરવામાં આવી હતી. તેમજ બીજી કિશોરીઓને આયર્નની ગોળીનું મહત્વ તેમજ પોષણ યુક્ત આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જામનગર બેકરી સંચાલક મહિલા વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાતા ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રણજીત સાગર રોડ પર વૃંદાવન પાર્ક વિસ્તારમાં રહેતી અને બેકરી ચલાવતી એક વેપારી મહિલા, કે જે વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઇ છે, અને દૈનિક વ્યાજની ગણતરીએ ૧૦ ટકા લેખે અંદાજે બે લાખ રૂપિયા જેવું રાક્ષસી વ્યાજ ચૂકવી દીધા છતાં બે વ્યાજખોરો વધુ ચાર લાખની માંગણી કરતા હોવાથી અને ચેક રિટર્ન કરાવી લીધા બાદ ધાકધમકી આપતા હોવાથી બંને વ્યાજખોરો સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ છે.

આ ફરીયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં વૃંદાવન પાર્ક શેરી નંબર ત્રણમાં રહેતી અને રણજીત સાગર રોડ પર એક બેકરીનું સંચાલન કરતી રાધિકાબેન વિજયભાઈ લાખાણી નામની ૩૨ વર્ષની વેપારી મહિલાએ પોતાની પાસેથી રાક્ષસી વ્યાજ વસૂલી લીધા બાદ ચેક રિટર્ન કરાવી ધાકધમકી આપવા અંગે તેમજ વધુ ચાર લાખની માંગણી કરવા અંગે દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮માં રહેતા હિતેન લોકચંદ સામનાણી તેમજ ભાટની આંબલી પાસે રહેતા અજય વિજયભાઈ સોલંકી સામે સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મહિલાને પોતાના ધંધા માટે પૈસાની જરૂરિયાત હોવાથી પોતાના જ કુટુંબી એવા હિતેન રામનાણી ની મદદથી અજય સોલંકી પાસેથી સૌ પ્રથમ દોઢ લાખ રૂપિયા ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતા, અને તેનું પ્રતિદિન ૫૦૦ રૂપિયા વ્યાજ જમા કરાવતા હતા.ત્યારબાદ વધુ પૈસા ની જરૂર પડતાં બીજા પાંચ લાખ લીધા હતા, અને તેનું પ્રતિદિન રૂપિયા ૧૭૦૦ વ્યાજ તરીકે ચૂકવતા હતા. જેના બદલામાં અલગ અલગ ચાર ચેક આપ્યા હતા.

કુલ બે લાખ જેટલું વ્યાજ ચૂકવી દીધા બાદ વ્યાજખોરો દ્વારા વધુ નાણા કઢાવવા માટે પઠાણી ઉઘરાણી કરતા હોવાથી અને કોરા ચેક મા રૂપિયા ૪ લાખની રકમ ભરી અદાલતમાં ચેક રિટર્ન કરાવી વધુ ચાર લાખ પડાવવા માટે ધાકધમકી આપી હોવાથી આખરે મામલો પોલીસ મથકમાં લઈ જવાયો છે અને બંને સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને એ.એસ.આઈ. એચ. આર. બાબરીયાએ ગેરકાયદે નાણાં ધીરધાર અંગેની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટંકારા ખજુરા હોટલના ગ્રાઉન્ડમાં રૂ. ૯૦ લાખની લૂંટ કરનાર લૂંટારૂઓને આશરો આપનાર કારખાનેદારની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા નજીક રૂ. ૯૦ લાખની લૂંટના ગુનામાં લૂંટારૂઓને આશરો આપનાર અને લૂંટની યોજના ઘડી મદદગારી કરનાર બાલાજી કોયર કારખાનાના સંચાલક દિગ્વિજય પટેલની ટંકારા પોલીસે ધરપકડ કરી છે. અત્યાર સુધીમાં આરોપીઓ પાસેથી રૂ. ૮૧.૫૦ લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે અને વધુ આરોપીઓની શોધખોળ માટે તપાસ ચાલુ છે.

તા. ૨૧ મે, ૨૦૨૫ના રોજ રાજકોટના નિલેશભાઈ ભાલોડી અને જયસુખભાઈ ફેફર ટી. એન્ટરપ્રાઈઝ આંગડીયા પેઢીમાંથી રૂ. ૯૦ લાખની રકમ લઈને XUV-300 વાળી કારમાં મોરબી તરફ જઇ રહ્યા હતા ત્યારે ટંકારા તાલુકાના ખજુરા હોટલના



ગ્રાઉન્ડમાં બલેનો અને પોલો કારમાં આવેલા આરોપીઓએ છરી, પાઇપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી રોકડ રકમની લૂંટ ચલાવી હતી. ફરીયાદી નિલેશભાઈ ભાલોડી દ્વારા ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા પોલીસે નાકાબંધી કરી આરોપી અભિભાઇ અલગોતર અને અભીજીત ભાર્ગવને રૂ. ૭૨.૫૦ લાખની રોકડ, પાંચ મોબાઈલ, બંને કાર અને લૂંટના દસ્તાવેજોની બેગ સાથે ઝડપી પાડ્યા હતા.

પકડાયેલ આરોપીઓની રિમાન્ડ દરમિયાન પુછપરછમાં લૂંટના પ્લાનમાં મુખ્ય ભૂમિકા ભજવનાર દિગ્વિજય પટેલનું નામ બહાર આવ્યું હતું. દિગ્વિજયે પોતાની ફેક્ટરી 'બાલાજી કોયર પ્રોડક્ટ'માં રહેવા, રેકી કરવાની વ્યવસ્થા અને લૂંટની પૂર્વ તૈયારીમાં આરોપીઓને મદદ કરી હતી. આ સાથે ટંકારા પોલીસે દિગ્વીજયભાઈ અમરશીભાઈ ઢેઢી ઉવ.૩૨ રહે.લગધીરગઢ તા.ટંકારાવાળાની ધરપકડ કરી વધુ પુછપરછ માટે રીમાન્ડની તજવીજ શરૂ કરી છે. ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ અને વધુ વિગતો માટે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જામનગર જિલ્લાના રૂ.૮૮૭ કરોડના સૌર પ્રોજેક્ટનું કરાયું લોકાર્પણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણ અને નેતૃત્વ હેઠળ, ગુજરાત રાજ્ય સૌર ઊર્જા ક્ષેત્રે એક મોટી ક્રાંતિનું સાક્ષી બન્યું છે. આજે, ૨૬ મેના રોજ, વડાપ્રધાનના હસ્તે કચ્છ જિલ્લાના ભુજ ખાતેથી અનેક મહત્વપૂર્ણ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું, જે રાજ્યની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે. આ પ્રોજેક્ટ્સ પર્યાવરણને અનુકૂળ ઊર્જાના ઉત્પાદન દ્વારા સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય માટેના ભારતના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.વડાપ્રધાન દ્વારા જામનગરમાં ઐતિહાસિક સૌર ઊર્જા પ્રોજેક્ટનું કરાયું લોકાર્પણ.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કચ્છ સહિત અન્ય



જિલ્લાઓમાં પણ મહત્વપૂર્ણ સૌર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાયું છે, જેમાં જામનગર જિલ્લાનો મુખ્ય ફાળો રહ્યો. જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના બબરઝર ખાતે સરકારી ખરાબાની જમીન પર રૂ.૮૮૭ કરોડના ખર્ચે ૨૧૦ મેગાવોટનો વિશાળ સોલાર પ્રોજેક્ટ ખુલ્લો મુકવામાં આવ્યો છે.આ પ્રોજેક્ટ જામનગર જિલ્લાને સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રે અગ્રેસર બનાવવામાં મદદ કરશે અને વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ખેતી, ગૌચર કે ગામતળ જેવી ફળદ્રુપ જમીનનો ઉપયોગ કર્યા વિના સરકારી ખરાબાની જમીન પર વિકસાવવામાં આવ્યો છે.આનાથી કિંમતી જમીનની બચત થશે.આ ઉપરાંત, વીજળીના ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનમાં થતા નુકસાન અને ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

આ સોલાર પ્રોજેક્ટના લોકાર્પણથી ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી ઉપલબ્ધ થશે, અને તેમને તેમજ અન્ય વીજ ગ્રાહકોને સસ્તા દરે વીજળી મળશે. વધુમાં, પ્રોજેક્ટના દૈનિક સંચાલન અને જાળવણી થકી સ્થાનિક રોજગારીનું સર્જન થશે, જે સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે.આ પ્રોજેક્ટ્સ ગુજરાતના ઉજ્જ્વળ અને ટકાઉ ભવિષ્ય માટે એક મજબૂત પાયો નાંખશે.

# પરાપીપળીયા ગામે પરિણીતાએ ગળફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના પરાપીપળીયા ગામે પતિ સાથે ભાડાના મકાનમાં રહેતી મૂળ વિસાવદરની ૨૨ વર્ષીય પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પતિ નોકરી પર હતો ત્યારે પાછળથી સમીસાંજે રૂમ બંધ કરી મોત વ્હાલું કરી લેવા પાછળનું કારણ જાણવા ગાંધીગ્રામ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૂળ વિસાવદરની પરિણીતા અને હાલ રાજકોટની ભાગોળે આવેલ પરાપીપળીયા ગામના ગેટ પાસે ભાડાના મકાનમાં હિરલબેન હરસુખભાઈ માલિયા (ઉ.વ.૨૨) પતિ સાથે રહેતા હતા. જ્યારે સાસુ-સસરા વિસાવદર ખાતે રહેતા હતા. ચાસરા ગત રવિવારે સાંજે છ વાગ્યે હિરલબેને પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. મામલામાં પાડોશીને કંઈક કામ પડતા તેમણે દરવાજે ખખડાવ્યો હતો પણ પરિણીતાએ દરવાજો નહિ ખોલતા પાડોશીએ પતિને આં બાબતે ટેલિફોનિક જાણ કરી હતી.

પાડોશીના ફોનને પગલે પતિ ઘરે દોડી આવ્યા હતા અને મકાન ખોલી અંદર જોતા પત્નીનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં પતિએ તાત્કાલિક ૧૦૮ ને બોલાવતા તબીબી ટીમે તપાસી હિરલબેનને મૃત જાહેર કર્યા હતા. પ્રાપ્ત વિગત અનુસાર મૃતકને ત્રણ વર્ષનો લગ્ન ગાળામાં સંતાનની પ્રાપ્તિ થઈ ન હતી. આપઘાતના બનાવ પાછળ જવાબદાર કારણ અંગેની તપાસ ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈ પી.એસ.આઈ એસ બી જાડેજા ચલાવી રહ્યા છે.

# વાંકાનેર સીટી પોલીસે ૧૧ ખોવાયેલ મોબાઈલ ફોન શોધી મૂળ માલીકને પરત કર્યા



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશને ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત CEIR પોર્ટલના ઉપયોગથી રૂ. ૨,૬૦,૦૦૦/-ની કિંમતના કુલ ૧૧ ખોવાયેલ/ચોરાયેલ મોબાઈલ શોધી કાઢી અરજદારોને પરત આપ્યા હતા. ટેકનીકલ ટીમની જહેમતથી આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા પોલીસ અધ્યક્ષ રાહુલ ત્રિપાઠી તથા નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી ઇન્ચાર્જ પીઆઇ ડી.વી. ખરાડીના સુપરવિઝન હેઠળ ખોવાયેલા મોબાઈલ શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અત્રેના કોન્સ. ભરતભાઈ દલસાણીયા તથા સર્વેલન્સ સ્ટાફે CEIR પોર્ટલ પર મોબાઈલ નંબર એન્ટ્રી કરી, સતત મોનીટરીંગ અને ટેકનીકલ ટ્રેકિંગની મદદથી કુલ ૧૧ જેટલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા, જેની અંદાજીત કિંમત રૂ. ૨.૬૦ લાખ થાય છે. આ તમામ મોબાઈલ ફોન તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને પરત આપવામાં આવ્યા હતા. પોલીસની આ જવાબદારીપૂર્ણ કામગીરીએ ''પોલીસ પ્રજાની મિત્ર'' હોય તે વાતને ફરી એકવાર સાબિત કરી છે.

# મોરબીના નજરબાગ વિસ્તારમાં પાણીની સમસ્યા હલ કરવા શહેર કોંગ્રેસ પ્રમુખની કાર્યપાલક ઈજનેરને રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં પીવાના પાણીની તંગી અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરી છે. ગેરકાયદે ઉદ્યોગ કનેક્શનોને કારણે રહેણાંક વિસ્તારોમાં પૂરતું પાણી નહીં પહોંચતા તાત્કાલિક પગલાં લેવા માંગણી કરાઈ છે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા વહેલી તકે ઉકેલવાની જરૂરિયાત ઉભી થઇ છે, આ સાથે શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મોરબીના કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા વિભાગને લેખિત રજૂઆત કરી છે, જેમાં જણાવ્યું છે કે શહેરના નજરબાગ સ્ટેશનની પાછળ આવેલા પાણીના સંપમાંથી માળીયા વનાળીયા, શક્તિ સોસાયટી, રામદેવનગર, ઉમિયાનગર, સુભાષનગર સહિતના અનેક વિસ્તારમાં પાઈપલાઈન મારફત પાણી પુરૂ પાડવામાં આવે છે. પરંતુ આ પાઈપલાઈનમાં ઉદ્યોગોને ગેરકાયદેસર કનેક્શનો આપવાના કારણે ઉપરોક્ત રહેણાંક વિસ્તારો સુધી યોગ્ય માત્રામાં પાણી પહોંચતુ નથી. જેના કારણે લોકોને પાણીથી વંચિત રહેવું પડે છે અને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વધુમાં પુષ્પરાજસિંહ જાડેજાએ વિભાગને વિનંતી કરી છે કે આ સમસ્યા પર તાત્કાલિક અને ઘટીત પગલાં લેવામાં આવે તેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.

# ભાડા કરારની નકલ પોલીસ સ્ટેશનમાં ન જમા કરાવી જાહેરનામાનો ભંગ કરનાર કારખાના માલીક સામે ટંકારા પોલીસે કાર્યવાહી શરૂ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના જબલપુર ગામના કારખાનામાલીકે પોતાના બાલાજી કોયર કારખાનાનો શેડ ભાડે આપી તેનો ભાડાકરાર ટંકારા પોલીસ સ્ટેશનમાં ન જમા કરાવતા અને જીલ્લા મેજિસ્ટ્રેટશના જાહેરનામાની અવગણના કરી હોય જેથી તેની વિરુદ્ધ ટંકારા પોલીસે આરોપી કારખાના માલીક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા પોલીસ ટીમ તાલુકાના જબલપુર ગામ નજીક જાહેરનામા અંગે તેમજ અન્ય ગુનાની તલાસ અર્થે તપાસની કામગીરીમાં હોય તે દરમિયાન બાલાજી કોયર કારખાનાનો શેડ ગત તા.૨૦/૦૧ થી ભાડે રાખ્યો હોય જેનો ભાડા કરાર કારખાના માલીક અંબારામભાઈ બોડા રહે. જબલપુર વાળાએ કરી આપ્યો હોય પરંતુ આજદિન સુધી આ ભાડા કરાર અંબારામભાઈએ ટંકારા પોલીસ મથકમાં જમા ન કરાવી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હોય જેથી પોલીસે આરોપી અંબારામ ભાઈ પોપટભાઈ બોડા ઉવ.૭૬ રહે. જબલપુર તા.ટંકારા વાળા વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી લાતી પ્લોટ નજીક તળાવના કાંઠે બાવળની કાંટમાં છુપાવેલ વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે લાતી પ્લોટ સાવરના તળાવ કાંઠે ઘાસ તથા બાવળની કાંટમાં છુપાવેલ વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો પકડી લેવામાં આવ્યો છે, દરોડા દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી શહેર એ ડિવિઝન પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગના હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે લાતી પ્લોટ ૮ માં રહેતો અસલમ ખોડ દ્વારા સાવરના તળાવના કાંઠે બાવળની કાંટ તેમજ ઘાસમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો સંતાડી તેનું વેચાણ કરે છે, જે મુજબની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત તળાવ કાંઠે રેઇડ કરવામાં આવી હતી, ત્યારે એ ડિવિઝન પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂ ગ્રાન્ડ અફેયર વ્હિસ્કીની ૩૬ નંગ બોટલ તેમજ ટ્યુબર્ગ બિયરના ૭૨ ટીન જેની કુલ કિ.રૂ. ૧૮,૦૦૦/- મળી આવતા તેને કબ્જે લીધા હતા. દરોડા દરમિયાન આરોપી અસલમ હાજીભાઈ ખોડ રહે. લાતી પ્લોટ શેરી નં. ૮ વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેની વિરુદ્ધ પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી તેને શોધવા તપાસની તજવીજ હાથ ધરી છે.

## સમાચાર સંક્ષીપતમાં

### મોરબી મનપા દ્વારા ''શ્રમદાન ફોર મોરબી'' હેઠળ ૨૯ મેના ઉમિયા સર્કલથી બાયપાસ સુધી સફાઈ ઝુંબેશ

મોરબી મહાનગરપાલિકા દ્વારા આગામી ૨૯ મે, ૨૦૨૫ના રોજ સવારે ૮૦૦ કલાકે ''શ્રમદાન ફોર મોરબી'' અભિયાન અંતર્ગત ઉમિયા સર્કલથી મોરબી બાયપાસ સુધી વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાએ નાગરિકો તથા વિવિધ સંસ્થાઓને આ ઝુંબેશમાં જોડાવાનો અનુરોધ કર્યો છે. મોરબી શહેરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાના હેતુથી મોરબી મહાનગરપાલિકા દ્વારા ''શ્રમદાન ફોર મોરબી'' અભિયાનની સુવ્યવસ્થિત શરૂઆત કરવામાં આવી છે. આ અંતર્ગત તા. ૨૯ મે, ૨૦૨૫ના રોજ સવારે ૮૦૦ કલાકે ઉમિયા સર્કલથી મોરબી બાયપાસ સુધી વિશાળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશમાં માત્ર સરકારી તંત્ર જ નહીં, પરંતુ નાગરિકો, સામાજીક સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો તથા બિનસહકારી સંસ્થાઓનો સહકાર પણ આવશ્યક છે. મહાનગરપાલિકાએ શહેરીજનોને આ ઝુંબેશમાં ઉત્સાહભેર જોડાવા અનુરોધ કર્યો છે.

### મોરબીના મહારાણા સર્કલ પાસે નોટ નંબરનો જુગાર રમતા બે પકડાયા

મોરબી શહેરના મહારાણા પ્રતાપ સર્કલ નજીક જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમતા બે ઇસમોને બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં પ્રકાશભાઈ પ્રવીણભાઈ પીઠડ ઉવ.૩૧ રહે. જાંબુડીયા તા.મોરબી તથા દક્ષકભાઈ રમેશભાઈ બાવરવા ઉવ.૨૨ રહે.મહેન્દ્રનગર ઉમા વિલેજ પાસે મોરબી-૨ વાળાને રોકડા રૂ. ૮૪૦/-સાથે અટકાયત કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પોલીસે જુગારધારા હેઠળ બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હળવદના ગ્રામ્યમાંથી સગીરાને લગ્નની લાલચે ભગાડી જનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

હળવદના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર વિરુદ્ધ સગીરાના પિતા દ્વારા હળવદ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી તથા ભોગ બનનારને શોધવા કવાયત શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, હળવદ તાલુકાના એક ગામમાં ખેત-મજૂરી કરતા પરિવારની ૧૫ વર્ષ ૯ માસ વય ધરાવતી દીકરીને લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જનાર આરોપી મોંઘજીભાઈ ઉર્ફે ભલો ઉદેસીંગ તડવી રહે. ભુરધા ગામ તા.બોડીલી જી. છોટાઉદેપુર વાળા વિરુદ્ધ સગીરાના પિતાએ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો રજીસ્ટર કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

### મોરબી અને વાંકાનેરમાં અપમૃત્યુના બે બનાવમાં બે વ્યક્તિનો ગળેફાંસો ખાઈ આપઘાત

મોરબી અને વાંકાનેર ટાઉનમાં બે અલગ અલગ અપમૃત્યુના બનાવની મળતી વિગતો અનુસાર, મોરબી શહેરના જુના ઘુટુ રોડ ઉપર સિલ્વર પાર્ક સોસાયટી ત્રાજપર ખારી વિસ્તારમાં રહેતા રમેશભાઈ છગનભાઇ ચાવડા ઉવ.૬૦ એ ગત તા.૨૪/૦૫ ના રોજ પોતાના રહેણાંકમાં ગળેફાંસો ખાઈ લેતા રામેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે બી ડિવિઝન પોલીસે મૃતકના પુત્ર પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. જ્યારે બીજા અપમૃત્યુના બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વાંકાનેર ટાઉનમાં ભાટીયા સોસાયટીમાં રહેતા રમેશચંદ્ર મણીલાલ કારીયા ઉવ.૬૦ વાળાએ ગઈકાલ તા.૨૬ મે ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના મકાને ગળેફાંસો ખાઈ લેતા, પરિવારજનો મૃત હાલતમાં તેઓને વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવતા, હાજર ડોક્ટરે પોલીસને જાણ કરી હતી, ત્યારે પોલીસ ટીમે સ્થળ ઉપર પહોંચી લાશનું ઇન્કવેસ્ટ પંચનામું સહિતની કામગીરી હાથ ધરી હતી, હાલ પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની એન્ટ્રી કરી આગળની ઘટિત કાર્યવાહી કરવામાં આવી છે.

### ધારીમા મોટા ભાઈના મોતના ત્રીજા દિવસે નાના ભાઈએ મોતને વહાલું કર્યું

ધારી પોલીસ સ્ટેશનમાં આવીને છત ઉપર ચડી અચાનક જ એક યુવાને મોતની છલાંગ લગાવી દીધી હતી. પોલીસ કર્મચારીઓ દ્વારા તેને ગંભીર હાલત-માં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર કારગત નીવડી ન હતી. પ્રાથમિક તબક્કે ભાઈના મૃત્યુ થયા બાદ માનસિક ખરાબ સ્થિતિના કારણે તેણે આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. ધારી પોલીસ મથક એ એક જાહેર જગ્યા છે અને તેમાં કોઈ પણ વ્યક્તિ આવી શકે છે. એ રીતે બપોરના સમયે પોલીસ મથકની પાછળના ભાગેથી અચાનક ધડામ અવાજ આવતા પોલીસ કર્મચારીઓ દોડી ગયા હતા. જોયું તો એક વ્યક્તિએ છત ઉપરથી નીચે ઝંપલાવ્યું હતું. આથી તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સને જાણ કરીને તેમને ગંભીર હાલતમાં સારવાર માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધારીમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ સમગ્ર ઘટના અંગે મૃતક મગનભાઈ પ્રેમજીભાઈ થલેસાના માતા હંસાબેન પ્રેમજીભાઈ થલેસાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલી વિગતો મુજબ તેમના મોટા પુત્રનું હાર્ટ એટેકથી મૃત્યુ થયા બાદ નાનો ભાઈ મગન ગુમસુમ રહેતો હતો. છેલ્લા ત્રણ દિવસથી તેની માનસિક હાલત સારી નહોતી અને સખત લાગી આવ્યું હતું. આવે છે આવે છે એવું બોલ્યા કરતો હતો. ત્રણ દિવસથી સારી રીતે સૂતો પણ નહોતો. જે કોઈપણ કારણોસર પોલીસ સ્ટેશનના ઉપર ચડીને નીચે છલાંગ મારી આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર ઘટનામાં ત્રણ દિવસમાં બે ભાઈઓના મૃત્યુ થતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

## લાપતા થયેલ યુવાનની ભાળ આપવા બાબત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પુનિતનગર હાઉસિંગ બોર્ડ આશાપુરા મંદિરની બાજુમાં રહેતા ૪૧ વર્ષીય રવિન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ પોતાના ઘરેથી એકલા નીકળી ગયેલ છે, અને તેને માનસિક બિમારી તથા શરીરે મધ્યમ બાંધાનાં છે. ગુમ થનાર વિશે કોઈ માહિતી મળે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનને જાણ કરવા જણાવ્યું છે.

રાજકોટ પોલીસ સ્ટેશન ફોન નંબર ૦૨૮૧- ૨૫ ૬૩ ૩૪૦ અથવા ૬૩૫૯૬૨૭૪૧૫ તથા ૯૮૯૮૨૮૫૯૫૭ ઉપર જાણ કરવા જણાવ્યું છે.

સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ

# સામાજિક વનીકરણ રેન્જ અને મોજીરા ગ્રામજનો મોજીરા નદીને સ્વચ્છ રાખવા કટિબદ્ધ થયા

### સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા શપથ લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ અભિયાનને સફળ બનાવવા લોકો જન અભિયાન રૂપે જોડાઈ રહ્યાં છે. ત્યારે સામાજિક વનીકરણ રેન્જ, ઉપલેટા તેમજ સામાન્ય વન વિભાગ દ્વારા મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતુ.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત મોજીરા ગામે મોજ ડેમ પાસે મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાનમાં ગામના આગેવાનો તેમજ ગ્રામજનો દ્વારા મોજ નદી કાંઠા વિસ્તારમા પ્લાસ્ટિક તેમજ કચરો એકઠો કરાયો હતો. આ ઉપરાંત સામાજિક વનીકરણ વિભાગ દ્વારા લોકોને પ્લાસ્ટિકથી થતા નુકશાન વિશે સમજ આપવામાં આવી હતી. આ તકે સૌએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનાં શપથ લીધા હતા.

# જામનગરમાં ફરી કોરોનાનો ફૂંફાળો, એક જ દિવસમાં સાત નવા કેસ નોંધાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કામદાર કોલોનીમાં એક જ પરિવારના ચાર સભ્યો સંક્રમિત, ઘાંચીવાડ માં બે અને પાર્ક કોલોનીમાં એક વ્યક્તિનું કોરોના રિપોર્ટ પોઝિટિવ.આવ્યો એક્ટિવ કેસનો આંકડો ૧૦ એ પહોંચ્યો.જામનગર શહેરમાં કોરોનાએ ગત ગુરૂવારે પગપેસારો કર્યા બાદ ફૂંફાડો માર્યો હોય તેમ સોમવારે એક જ દિવસમાં વધુ સાત પોઝીટીવ કેસ સામે આવ્યા છે.જેમાં શહેરના કામદાર કોલોની વિસ્તારમાં એક જ પરીવારના ચાર સભ્યો પોઝીટીવ જાહેર થયાનુ સામે આવ્યુ છે. જયારે ઘાંચીવાડ,ગોકુલનગર શહેરના વિસ્તારમાં પણ પોઝીટીવ કેસો બહાર આવ્યા છે.જે તમામને હોમ કવોરેન્ટાઈન કરાયા છે.જે સાથે આરોગ્ય તંત્ર પણ દોડતુ થયુ છે અને તકેદારીના તમામ પગલાઓ લેવાઈ રહયા છે.

જામનગરમાં ગત સમાહે.ગુરૂવારે કોરોનાનો પ્રથમ પોઝીટીવ કેસ પંચવટી વિસ્તારમાં સામે આવ્યો હતો જેમાં સાડત્રીસ વર્ષીય યુવાનનો રીપોર્ટ પોઝીટીવ આવતા તેને હોમ આઈશોલેટ કરવામાં આવ્યો હતો.જે દરમિયાન સોમવારે એકજ દિવસમાં કોરોનાના વધુ સાત પોઝીટીવ કેસ સામે આવતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી હતી.શહેરના કામદાર કોલોની વિસ્તારમાં એક જ પરીવારના ચાર સભ્યોનો રીપોર્ટ પોઝીટીવ જાહેર થયો છે. જેઓ હાલ અન્ય રાજયનો પ્રવાસ કરી પરત ફર્યા હોવાનુ પણ જાણવા મળ્યુ છે. જયારે શહેરના ઘાંચીવાડ વિસ્તારમાં બે, પાર્ક કોલોની વિસ્તારમાં એક, દરબારગઢ વિસ્તારમાં એક અને પાણાખાણ વિસ્તારમાં પણ એક પોઝીટીવ કેસ જાહેર થયો છે. શહેરમાં ગત

ગુરૂવારે પ્રથમ પોઝીટીવ કેસ બાદ શનિ-રવિમાં વધુ બે કેસ સામે આવ્યા હતા.જે સાથે સોમવારે એક જ દિવસમાં વિભિન્ન વિસ્તારના સાત પોઝીટીવ કેસો સામે આવતા આરોગ્ય તંત્ર પણ દોડતુ થયુ હતુ. તમામ પોઝીટીવ દર્દીઓને હોમ આઈશોલેટ કરવામાં આવ્યા છે જે સાથે આરોગ્ય તંત્ર દ્વારા તેના સંપર્કમાં આવેલા સભ્યોની જરૂરી મેડીકલ પરીક્ષણ સહિતની તજિવજ હાથ ધરાઇ છે. બીજી બાજુ તબીબો દ્વારા કોરોનાના નવા વૈરીયન્ટથી ડરવાની જરૂર ન હોવાનુ પણ સંપૂર્ણપણે સાવચેતી રાખવા સાથે બાળકો.બુર્ઝગોએ વધુ સર્તકતા દાખવવા જણાવાયુ છે.

# ઉનાના રામનગર ખારાથી લામધાર સુધીના માર્ગ પરથી બાવળ-ઝાંખરા દૂર કરાયા



### ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની સક્રિય કામગીરીઃ સ્કૂલે જતા બાળકોને મોટી રાહત મળી

**મુખ્ય સમાચાર, ઉના-ગીર સોમનાથ**
**અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં જી.ઈ.બી ઓફિસ નજીક આવેલ ગણેશ મંદિર રામનગર ખારા થી લામધાર તરફ જતો વાડી વિસ્તારના રસ્તામાં બાવળો અને જાડી જાખરા હોવાથી વાહન ચાલકોને તે વિસ્તારના લોકોને સ્કુલે ભણવા જવા માટે બાળકોને અને ખેડુતોને અવર જવર કરવામાં મુશ્કેલી નો સામનો કરવો પડે છે.

આ વિસ્તારના લોકોએ અને ખેડુતોએ ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ને રજુઆત કરતા. આ વિસ્તારના ખેડુતોની અને લોકોની રજૂઆતને ધ્યાને લઈ ઉનાના સક્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી. અને રસ્તાની બંને બાજુ બાવળો અને જાડી જાખરા દૂર કરી અને રસ્તો ખુલ્લો કરવા ધારાસભ્ય એ નગરપાલિકા ના સ્ટાફને સૂચના આપી હતી. આ પ્રશ્નનો નિકાલ આવતા આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી અનુભવી હતી. તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ નો આભાર માન્યો હતો.

# રાજકોટની સરકારી પોલીટેકનીક ખાતે ધો.૧૦ પછી ડિપ્લોમા પ્રવેશ અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સરકારી પોલીટેકનીક દ્વારા તા.૨૯/૦૫/૨૦૨૫ અને ૦૪/૦૬/૨૦૨૫ના રોજ ભાવનગર રોડ આજી ડેમ નજીક આવેલા સરકારી પોલીટેકનીકના ઓડીટોરીયમ હોલ ખાતે સવારે ૧૧ વાગ્યે ધોરણ ૧૦ પછી ડિપ્લોમા પ્રવેશ અંગેની માહિતી અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે.

આ સેમિનારમાં ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૫-૨૬ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાની સહિત વાલીઓને તેમના સંતાનની કારકિર્દી અંગે મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ અમદાવાદ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ઉપરાંત, આ સેમિનરમાં ડિપ્લોમામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડતર અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. ડિપ્લોમાના પ્રથમ વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશ લેવા ઇચ્છુક વિદ્યાર્થી સાથે તેમના વાલીઓને સેમિનારમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. વધુમાં એડમિશન માટે ઓનલાઈન ફોર્મ ભરવા અંગે અને વધુ માહિતી મેળવવા માટે વિનામૂલ્યે હેલ્પ સેન્ટર પણ કાર્યરત છે. તેમ આચાર્ય સરકારી પોલીટેકનીક રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજકોટ(સીટી) ખાતે એડમિશન પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિટી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં અન્વયે કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, ફેશન ડીઝાઈન ટેકનોલોજી, ડ્રેસમેકિંગ, કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતના કોર્સનો સમાવેશ કરાયો છે .

કોર્સમાં એડમિશન લેવા ઈચ્છુક મહિલા ઉમેદવારોએ મહિલા આઈ.ટી.આઈ. રાજકોટ સિટી, બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ પાછળ, યુનિવર્સીટી રોડ ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ મુલાકાત કરવી અથવા ફોન નં. ૦૨૮૧-૨૫૬૨૮૮૩ ઉપર સંપર્ક કરી શકશે. તેમ મહિલા આઈ.ટી.આઈ. રાજકોટ(સીટી)ના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# ખેડૂતો માટે કમોસમી વરસાદને અનુલક્ષીને પાકના રક્ષણ માટેનાં પગલાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન ખાતાની આગાહી મુજબ તા. ૨૯ મે, ૨૦૨૫ સુધી રાજકોટ જિલ્લાનાં તમામ તાલુકામાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ત્યારે 'અગમચેતી એ જ સલામતી'ને ધ્યાને લઈને ખેડૂતોએ વાદળછાયું વાતાવરણ અને કમોસમી વરસાદને અનુલક્ષીને પાકના રક્ષણ માટે નીચે મુજબ પગલાં લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવ્યું છે.

ખેડૂતોએ કમોસમી વરસાદથી થતી પાક નુકશાનીથી બચવા માટે ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક ખૂલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક / તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી, વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું જોઈએ.

જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો જોઈએ.

ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં, તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા જોઈએ.

વેપારી અને ખેડૂતોએ એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા જોઈએ અને વેચાણ અર્થે આવતી પેદાશોને ટાળવી જોઈએ.

આ અંગે વધુ જાણકારી માટે નજીકના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક (તાલીમ) / કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવો જોઈએ, તેમ જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાની યાદીમાં જણાવાયું છે.

# અપહૃત તરુણીની ભાળ આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં મવડી મેઈન રોડ પર ઉદયનગર - ૨માં રહેતા બિંદીયાબેન યાદવની તરુણ વયની દીકરીને ગત તા. ૧૮ મેના રોજ બપોરના ત્રણ કલાકે અજાણ્યો ઈસમ તેના ઘરેથી અપહરણ કરીને લઈ ગયો છે. જો કોઈને તરુણી વિશે જાણ હોય તો માલવીયાનગર પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬ ૨૯૯૦૨ પર સંપર્ક કરવા માલવીયાનગર પોલીસ મથકની યાદીમાં જણાવાયું છે.

# અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદીપસિંહ ડોડિયાનું અભિવાદન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક અગ્રણી પ્રો. જયદીપસિંહ ડોડિયાને તેમની યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકેની શિક્ષણ સેવાના ૨૬ વર્ષ પૂરા થતા યુનિવર્સિટીના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ડૉ.ઉત્પલ જોશી, રામકૃષ્ણ મિશન રાજકોટના પ્રમુખ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી, પૂર્વ કુલપતિ પ્રોફે. ડૉ.કમલેશ જોશીપુરા, પૂર્વ કુલપતિ પ્રોફે.ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ અને કુલસચિવ ડૉ. રમેશ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માનપત્ર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રો.ડોડિયા ૧૯૯૮ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયાં એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શ્રી શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે તેઓએ માંગરોળ જેવા શિક્ષણ ક્ષેત્રમાં અલ્પવિકસિત વિસ્તારમાં પણ અંગ્રેજી ભાષાના પ્રચાર પ્રસાર માટે પ્રો. એમ. જી. મચ્છરના નેતૃત્વમાં વિલિયમ શેક્સપિયર સોસાયટી સ્થાપી હતી.૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરુ કરનાર પ્રો. જયદીપસિંહ ડોડિયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન કુલપતિ ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતનાં તત્કાલીન રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો. ડોડિયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદીપસિંહ ડોડિયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખૂબ જ અલ્પ સમય ગાળો પોતાની કુનેહ અને કાર્યદક્ષતા કારણે ગુજરાત રાજ્યનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશશ્વી રહ્યો હતો.

# શહેરમાં ન્યુ જાગનાથ સહિતના વિસ્તારોમાં ખાડાઓથી જનતા ત્રસ્ત

### આગામી ચોમાસા પહેલા તમામ કામ આટોપી લેવા કોંગ્રેસ આગેવાનોની અપીલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ સિનિયર અગ્રણી નાગજીભાઈ વિરાણી (પૂર્વ ઉપપ્રમુખ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ), શહેર કોંગ્રેસ સમિતિ વોર્ડ નંબર ૭ ના પ્રભારી બિંદીયાબેન તન્ના સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ શહેરમાં વોર્ડ નંબર ૭ જાગનાથ પ્લોટમાં શેરીઓમાં ખોદકામ થી શહેરીજનો ત્રસ્ત છે. શહેરમાં ચોમાસાના તમામ કામો જુન ના પ્રથમ વીકમાં આટોપી લેવાના હોવા છતાં હજુ શહેરમાં આડેધડ ખોદકામ ચાલે છે. શહેરમાં જાગનાથ જેવા પોશ વિસ્તારની હાલત હાલ ગામડા કરતા બદતર થઈ ગઈ છે. હાલ જાગનાથમાં ડીઆઇ પાઇપલાઇનનું કામ ગોકળ ગાયની ગતિએ ચાલી રહ્યું છે અને જે કાંઈ પાઈપ લાઈન બિછાવીને પેચવર્ક ડામર કામ કરવામાં આવેલ ન હોવાથી ઠેર ઠેર ચરેડા પડી ગયા છે અને આ પગલે શહેરીજનોને આવા ચરેડા અને ખાડાઓને પગલે સિનિયર સિટીઝન અને મહિલાઓ બાળકોને હાલાકી ભોગવવી પડે છે. ચોમાસું આવે તો આ વિસ્તારમાં યાજ્ઞિક રોડ પરના કામ અને ઠેર ખાડાઓનું સામ્રાજ્યની પગલે જળ હોનારતની ભીતિ સેવાઈ રહી છે.

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર અને રાજકોટના મેયર જાગનાથની શેરીઓ ગલીઓમાં એક વખત બાઈક લઈને નીકળે તો ખબર પડે કે શહેરમાં આ વિસ્તારમાં બાઈક ચાલકોને ચલાવવામાં કેટલી મુશ્કેલી પડે છે.

જાગનાથ પ્લોટમાં શેરીઓમાં ખાડાઓનું સામ્રાજ્ય હોવાને કારણે અનેક જગ્યાએ ધૂળના ઢગલાઓ અને ખાડાઓ પરની ડામર પરની કડ વાહન ચાલકો માટે આફતરૂપ બની શકે છે. શહેરીજનોના ટાટીયા ભાંગે એ પહેલા તંત્ર એક્શનમાં આવે અને આગામી ચોમાસુ વહેલું હોવાની આગાહી હવામાન ખાતાની કરવામાં આવી છે ત્યારે તાત્કાલિક યુદ્ધના ધોરણે ખાડાઓના તમામ કામ પૂર્ણ કરી ડામર કરવા કોંગ્રેસના નાગજીભાઈ અને બિંદિયાબેને અપીલ કરી છે.

# ૨૭ જૂન સુધી વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેન દર શુક્રવારે અને રવિવારે પ્રભાવિત રહેશે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં બ્રિજ નંબર ૨૨૫ નાં ગર્ડર બદલવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેન ૨૭ જૂન, ૨૦૨૫ સુધી સપ્તાહમાં બે દિવસ પ્રભાવિત રહેશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે. ટ્રેન ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ સુપરફાસ્ટ ૩૦-૫-૨૦૨૫ થી ૨૭-૬-૨૦૨૫ સુધી દર શુક્રવારે અને રવિવારે વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૭૩૦ વાગ્યાને બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૮૪૫ વાગ્યે ઉપડશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના વિશેની વિગતવાર માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ૨૯ અને ૩૦ મે ની રાજકોટ-ભુજ સ્પેશિયલ ટ્રેન રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર સામાખ્યાલી-ગાંધીધામ સેક્શનના ભીમાસર સ્ટેશન પર સાઈડિંગની નોન-ઈન્ટરલોકિંગ કનેક્ટિવિટીના કમિશનિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે.

આ બ્લોકના કારણે, ૨૯ અને ૩૦ મે, ૨૦૨૫ ના રોજ રાજકોટથી ઉપડતી ટ્રેન નંબર ૦૯૪૪૫ રાજકોટ-ભુજ સ્પેશિયલ અને ભુજથી ઉપડતી ટ્રેન નંબર ૦૯૪૪૬ ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેનો રદ રહેશે. વધુ માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને www.enquiry. indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# પંજાબનું સ્થાન ટોપ-ટુમાં ફાઈનલઃ મુંબઈ ૪થા ક્રમે

**મુખ્ય સમાચાર, મુંબઇ**

આઈપીએલ ૨૦૨૫ની ૬૯મી મેચમાં પંજાબ કિંગ્સ ૭ વિકેટે મુંબઈ ઇન્ડિયન્સને હરાવીને પોઈન્ટ્સ ટેબલમાં જી નંબર વનનું સ્થાન મેળવી લીધું છે. મુંબઈએ પહેલાં બેટિંગ કરતાં સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક ફિફ્ટીના આધારે સાત વિકેટ ગુમાવીને ૧૮૪ રન બનાવ્યા હતા. પંજાબે બીજી વિકેટ માટે થયેલી ૧૦૯ રનની ભાગીદારીની મદદથી ત્રણ વિકેટે ૧૮.૩ ઓવરમાં ૧૮૭ રન ફટકારીને ૧૮૫ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો.

ટોસ હારીને પહેલાં બેટિંગ કરનાર મુંબઈના ઓપનર્સ રાયન રિકલ્ટન (૨૦ બોલમાં ૨૭ રન) અને રોહિત શર્મા (૨૧ બોલમાં ૨૪ રન) એ પાંચ ઓવરમાં ૪૫ રનની સારી ઑપનિંગ પાર્ટનરશિપ કરી હતી. ત્રીજા ક્રમે આવેલા સૂર્યકુમાર યાદવે (૩૯ બોલમાં ૫૭ રન) બાકીની ૧૫ ઓવર સુધી ૬ ચોગ્ગા અને બે છગ્ગા ફટકારીને ટીમની ઈનિંગ્સ સંભાળી રાખી હતી.

સૂર્યકુમારે પાંચમી વિકેટ માટે કેપ્ટન હાર્દિક પંડ્યા (૧૫ બોલમાં ૨૬ રન) સાથે ૪૪ રન અને છઠ્ઠી વિકેટ માટે નમન ધીર (૧૨ બોલમાં ૨૦ રન) સાથે ૩૧ રનની ભાગીદારી કરીને ટીમનો સ્કોર ૧૮૪ રન સુધી પહોંચાડ્યો હતો. પંજાબ તરફથી ફાસ્ટ બોલર્સ અર્શદીપ સિંહ (૨૮ રનમાં બે વિકેટ) અને માર્કો યાન્સેને (૩૪ રનમાં બે વિકેટ) સૌથી પ્રભાવશાળી બોલિંગ કરી હતી.

પંજાબના બેટિંગ યુનિટે પહેલા બોલથી જ મુંબઈના આક્રમક બોલિંગ યુનિટ સામે દબદબો જાળવી રાખ્યો હતો. ઓપનર પ્રિયાંશ આર્ય (૩૫ બોલમાં ૬૨ રન) અને વિકેટકીપર-બેટર જોશ ઇંગ્લિસે (૪૨ બોલમાં ૭૩ રન) બીજી વિકેટ માટે ૫૯ બોલમાં ૧૦૯ રનની પાર્ટનરશિપ કરીને જીત સુનિશ્ચિત કરી હતી.

કેપ્ટન શ્રેયસ ઐયરે (૧૬ બોલમાં ૨૬ રન અણનમ) વિનિંગ સિક્સર ફટકારીને પંજાબનું ટોપ ટૂમાં સ્થાન મજબૂત કર્યું હતું. મુંબઈ માટે સાત બોલર્સમાંથી સ્પિનર મિચલ સેન્ટર (૪૧ રનમાં બે વિકેટ) અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ (૨૩ રનમાં એક વિકેટ)ને જ સફળતા મળી હતી.

# શહેરમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતી ૧૦૯ છકડો રીક્ષા ડીટેઇન કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના માર્ગો પર બેફામપણે દોડતી અને શહેરમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતી છકડો રીક્ષા ના ચાલકો વિરુદ્ધ પોલીસે લાલા કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા હે.અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા ના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂજા યાદવ અને ઇ/ચા મદદનીશ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખા વી.જી.પટેલ, તેમજ ટ્રાફિક શાખાના અધિકારી/કર્મચારીઓ દ્વારા શહેરી વિસ્તારમાં માણસોની જીદંગી જોખમાઇ તે મુજબ ભયજનક રીતે છકડો ચલાવતા, ધ્વનિ પ્રદુષણ ફેલાવતા અને લોકોના આરોગ્યને નુકસાન પહોંચાડતા, લાયસન્સ અને નંબર પ્લેટ વગર અને ટ્રાફિકના નિયમોનું ભંગ કરતા છકડો રીક્ષા ચાલકો વિરુધ્ધ શહેરી વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ, જે ડ્રાઇવ દરમિયાન કુલ-૧૦૯ રીક્ષા ડિટેઇન કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધોરાજીનાં સુપેડી ગામ નજીક વાહન ચાલકે હડફેટે લેતા યુવતીનુ મોત



## સુપેડી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી ૨૧ વર્ષની યુવતી બસમાંથી ઉતરીને કોલેજ જતા બોલેરો હડફેટે જીવ ગુમાવ્યો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી ધોરાજી નાં સુપેડી ગામ નજીક હિટ એન્ડ રન માં એક યુવતી એ જીવ ગુમાવ્યો છે તાલાળા ગામ માં રહેતી અને સુપેડી ગામ માં ઈવા આયુર્વેદ કોલેજ માં અભ્યાસ કરતી અક્ષિતાબેન જીવરાજભાઈ વાળા નું મોત નિપજ્યું હતું

આ અંગે ની માહિતી મુજબ અક્ષિતા બેન જીવરાજભાઈ વાળા ઉ ૨૧ તાલાળા ગામ થી સુપેડી ગામ માં ઈવા આયુર્વેદ કોલેજ માં અભ્યાસ કરતી યુવતી કોલેજ નું વેકેશન પૂર્ણ થવાનું હોય બસમાં નિકળી હતી અને સુપેડી ગામ માં બસ માંથી ઉતરી હતી અને કોલેજ તરફ જવા માટે રોડ ક્રોસ કરતી વખતે પાછળથી અજાણ્યો બોલેરો વાહન ચાલક યુવતી ને હડફેટે લઈને ફરાર થઈ ગયો હતો અક્ષિતાબેન જીવરાજ ભાઈ વાળા નું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું

આ ઘટના બનતાં સ્થાનિક લોકો એ ખાનગી કાર માં તાત્કાલિક ઉપલેટા ની કોટેઝ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવતી ને ખસેડવામાં આવી હતી પણ ફરજ પર નાં તબીબે યુવતીને મૃત જાહેર કરેલ.

આ બનાવ ને લઈને તાલાળા થી આયુર્વેદ ડોક્ટર બનવાનું સ્વપનૂ લઈને સુપેડી ઈવા આયુર્વેદ કોલેજ માં અભ્યાસ કરતી યુવતી અને તેમના પરિવાર જનો નું સ્વપનું ચકનાચૂર થઈ ગયું યુવતી અને તેમના પરિવાર જનો અને સુપેડી ગામ માં આવેલ ઈવા આયુર્વેદ કોલેજ માં આ ઘટના ને લઈને શોક ની લાગણી છ્વાઈ ગઈ હતી.

આ ઘટના ની જાણ ઉપલેટા પોલીસ તંત્ર ને થતાં ઘટના ની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને નેશનલ હાઇવે ઓથોરિટી નાં સી સી ટીવી કેમેરા માં ઘટના ની તપાસ કરી રહી છે.

# કરણસિંહજી મેઈન રોડ પર ઓનલાઈન આઈડી પર સટ્ટો રમાડતો વેપારી ઝડપાયો

## માસ્ટર આઈડી આપનાર શખ્સનું નામ ખુલતા શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કરણસિંહજી મેઈન રોડ પરથી ક્રાઈમબ્રાન્ચની ટીમે બાતમીના આધારે આઈપીએલ મેચ પર ઓનલાઈન આઈડીનો ક્રિકેટ સટ્ટો રમતા વેપારીને ઝડપી પાડ્યા હતો. જયારે માસ્ટર આઈડી આપનાર વાંકાનેરના શખ્સની શોધખોળ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના હેડકોન્સ્ટેબલ ઉમેશ ચાવડા, કનકસિંહ સોલંકી, દીપક ડાંગર અને અરવીંદ ફતેપરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે કરણસિંહજી મેઈન રોડ ઉપર યશ પેલેસ હોટલ પાસે ઉભેલો શખ્સ પોતાના મોબાઈલમાં ઓનલાઈન આઈડીનો ક્રિકેટ સટ્ટો રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ભરત ગીરીશભાઈ ચાવડીયા (રહે. કરણપરા શેરી. નં.૭)નામના વેપારીને ઝડપી પાડી તેને મોબાઈલ તપાસતા તેમા ઓપેનલ ૭૭૭ નામની માસ્ટર આઈડી ખુલી હોય જેમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકતા નાઈટ રાઈડ્સ વચ્ચે ચાલતી આઈપીએલ ટી-૨૦ મેચ પર ક્રિકેટ સટ્ટો રમાડતો હોવાનુ જાણવા મળતા પોલીસે તેની ધરપકડ કરી મોબાઈલ કબજે કર્યો હતો.

આરોપીની પૂછપરછ કરતા આ માસ્ટર આઈડી તેને વાંકાનેરના જયેન્દ્રસિંહ ઝાલા નામના શખ્સે આપી હોવાની કબુલાત આપતા પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી જયેન્દ્રસિંહ ઝાલાની શોધખોળ હાથ ધરી છે.

# કોઠારીયા સોલવન્ટમાં બેભાન હાલતમાં બે માસના માસુમનું મોત

## બેભાન હાલતમાં ઢળી પડેલા બાળકે દમ તોડતા શ્રમિક પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટમા સ્તનપાન કરતા બે મહિનાનાં માસુમ બાળકનુ બેભાન થઈ જતા મોત નીપજયુ છે. આ બનાવથી પરપ્રાંતિય શ્રમીક પરીવારમા ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેરમાં આવેલા કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે રૂમ ભાડે રાખી રહેતા છોટુ સોનકર નામના શ્રમીકનો બે મહીનાનો પુત્ર આકાશને સવારે તેની માતા સ્તનપાન કરાવતી હતી ત્યારે અચાનક આકાશ બેભાન થઈ જતા તેને તાત્કાલિક સારવાર માટે ઝનાના હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો.



જયા માસુમ બાળકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી બાળકને મૃત જાહેર કરતા શ્રમીક પરીવારમા અરેરાટી સાથે શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

આ અંગે સિવીલ ચોકીનાં સ્ટાફે પ્રાથમીક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઝનાના હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આ અંગે પોલીસની પ્રાથમિક તપાસમા છોટુ સોનકર મુળ ઉપર પ્રદેશનો વતની છે અને હાલ રાજકોટ શહેરમાં અવરલ કોઠારીયા સોલવન્ટમા પત્ની અને બાળકો સાથે રહે છે. તેને સંતાનમા બે પુત્ર છે જેમા આકાશ નાનો હતો. બે મહિનાના માસુમ આકાશને તેની માતા સ્તનપાન કરાવતી હતી. ત્યારે અચાનક બેભાન હાલતમાં ઢળી પડેલા બાળકનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી માસુમ બાળકના મોતનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# રણછોડનગરમાં રૂમ ભાડા મુદ્દે યુવક પર હોટલના કર્મચારીનો હુમલો: લૂંટનો આક્ષેપ

## ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયો; ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રણછોડનગરમાં રહેતો અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો યુવા મોરબી રોડ ઉપર આવેલી ધ ઈન્ફિનિટી હોટલમાં હતો ત્યારે ભાડા મુદે ઝઘડો થતા હોટલના કમર્ચારીએ મારમારી સોનાનો ચેઈન અને ઘડીયાળની લૂંટ ચલાવ્યાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ શહેરમાં રણછોડનગરમાં રહેતો ડેનીસ ચંદુભાઈ ભૂત નામનો ૨૯ વર્ષનો યુવાન મધરાત્રે મોરબી રોડ ઉપર આવેલી ધ ઈન્ફિનિટી હોટલમાં હતો ત્યારે કલ્પેશ સહિતના હોટલ કર્મચારીઓએ ઝઘડો કરી ઢીકા-પાટુનો મારમ-ાર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ડેનીસ ભૂત



ઈવેન્ટનું કામ કરે છે. રાજસ્થાનની ઈવેન્ટનું કામ કરીને આવ્યા બાદ ધ ઈન્ફિનિટી હોટલમાં એસી રૂમ ભાડે રાખ્યો હતો. પરંતુ એસી બંધ થઈ જતા ભાડા મુદ્દે હોટલના કર્મચારીઓએ ઝઘડો કરી મારમાર્યો હતો અને ડેનીસ ભૂતના ગળામાં રહેલો સાડા ત્રણ તોલાનો સોનાનો ચેઈન અને ઘડીયાળની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે કલ્પેશભાઈ પટેલ, પેપ્સી સહિતના બે અજાણ્યા શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હૃદયરોગના હુમલાથી વધુ બે જિંદગી ધબકારા ચુકી ગઈ

## રામનગરના અને સદભાવના વૃદ્ધાશ્રમના આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો; અન્ય યુવકનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજીવસાહટ નજીક આવેલા રામનગરના આધેડ અને સદભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા વૃદ્ધનું હૃદય રોગના હુમલાથી મોત નીપજતા ગમગીની છ્વાઈ જવા પામી હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રામનગરમાં રહેતા મનોજભાઈ મગનભાઈ બગથરીયા (ઉ.વ.૫૦) વહેલી સવારના સાડા પાંચ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું મોત નીપજતા પરિવારશોકમાં ગરકાવ થઇ ગયો હતો. મૃતક આધેડ બે ભાઈ બે બહેનમા નાના અને



અપરિણીત હતા.

બીજા બનાવમાં મુળ સુરતના વતની અને ગોંડલ રોડ પર આવેલા સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા પ્રવિણભાઈ ભીખાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૩) બેભાન હાલતમા ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનું જાહેર કર્યું હતુ.

અન્ય બનાવમાં આકાશવાણી ચોકમાં આવેલા નંદી પાર્કમાં રહેતા અને ઈલેકટ્રીક બાઇકનું વેંચાણ કરતા મુનાવર ગોરી સીપાઈ (ઉ.વ.૪૧)ઓનલાઇન મીંટીગમાં ફોન રીર્સીવ નહીં કરતા કર્મચારીઓ ઘરે દોડી ગયા હતા. ત્યારે મુનાવર બેભાન હાલતમાં પડયો હતો. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જયા તેનુ મોત નીપજ્યુ હતુ. ઉપરોક બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રિક્ષા સાઈડમાં લેવાનું કહેતા ભાઈ-બહેન સહિત ત્રણ લોકો પર હૂમલો

## અજાણ્યા ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં રૈયાધારે મચ્છુનગર ટાઉનશીપ પાસે રીક્ષા રસ્તામાથી સાઈડમાં લેવાનુ કહેતા ભાઈ બહેન સહીત ૩ વ્યકિતને માર મારવામા આવતા પોલીસમા ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગતો મુજબ રૈયાધારે મચ્છુ નગર ટાઉનશીપની સામે મફતીયાપરામા રહેતા વિશાલ મનસુખભાઈ મકવાણા (ઉ.વ. ૧૮) એ અજયભાઈ હમીરભાઈ રાફુચા, જીવણભાઈ ગાંડાભાઈ, વિશાલ હમીરભાઈ રાકુચા વિરુધ્ધ ફરીયાદ નોંધાવી છે. આ ફરીયાદ મામલે યુનીવર્સીટી પોલીસનાં હેડ કોન્સ્ટેબલ ગિરીરાજસિંહ તપાસ ચલાવી રહ્યા છે . વિશાલે ફરીયાદમા જણાવ્યુ હતુ કે પોતે પોતાનાં ઘર પાસે હતો ત્યારે આરોપી અજયે પોતાની રીક્ષા રસ્તા પાસે શેરીમા ઉભી રાખી દીધી હતી જેથી તેમને રીક્ષા સાઈડમા લેવાનુ કહેતા અજય ઉશ્કેરાય ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. ત્યાર-



બાદ તેમનાં ઘર પાસે જતા અજય સહીત તેમનાં પરીવારજનોએ વિશાલનાં ભાઈ અતુલને અને બહેન સુમનને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ તેનાં હાથમાં રહેલું કડુ ફરીયાદી વિશાલભાઈનાં કપાળના ભાગે ડાબી બાજુએ મારી દીધુ હતુ. અને અજયે પોતાનાં પાસે રહેલો પાઈપ વિશાલને મારી દેતા ઈજા થઈ હતી જેથી તેમને સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો.

# જસદણ નજીક રિસોર્ટના સ્વિમિંગ પૂલમાં ડૂબી જતા બાળકનું મોત

## દિલ્હીથી જસદણ માસીના ઘેર વેકેશન ગાળવા આવ્યો હતો, સ્વિમિંગ પુલ અંગે કોઈ પરવાનગી લેવામાં આવી નથી: મામલતદાર

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણના ઘેલા સોમનાથ નજીક આવેલા મહાદેવ રિસોર્ટ ખાતે ગેરકાયદે રીતે ચાલતા સ્વિમિંગ પૂલમાં ડૂબી જતાં ૧૩ વર્ષના એક બાળકનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છ્વાઈ ગયો હતો.

દિલ્હીથી જસદણ ખાતે પોતાના માસીના ઘરે વેકેશન ગાળવા આવેલો પ્રતીક નામનો બાળક તેના પરિવાર



સાથે ઘેલા સોમનાથ નજીક આવેલા મહાદેવ રિસોર્ટમાં નહાવા ગયો હતો. વેકેશનની મજા માણી રહ્યો હતો તે દરમિયાન અચાનક તે સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયો હતો. પ્રતીકને તાત્કાલિક જસદણની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

મૃતક પ્રતીકના માસી જસદણના વાજસુરપરામાં રહેતા અને પાણીપુરીનો વ્યવસાય કરતા સીતાર-ામ રાજપુત છે. દિલ્હીથી વેકેશન કરવા આવેલો પ્રતીક તેના માસીના ઘરે રોકાયો હતો. આ ઘટના બાદ મહાદેવ રિસોર્ટના સ્વિમિંગ પૂલની કાયદેસરતા પર સવાલો ઉભા થયા હતા. જસદણ મામલતદાર સાથે આ અંગે ટેલિફોનિક વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે આ સ્વિમિંગ પૂલ માટે કોઈ પરવાનગી લેવામાં આવી નથી. જસદણ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ગેરકાયદે રીતે ચાલતા સ્વિમિંગ પૂલ અને બાળકના મોતના કારણો અંગે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# ચોરવાડ નગરપાલિકાનો જુનિયર ઈજનેર ૧.૪૩ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

## પેવર બ્લોકના કામના બિલનો ચેક આપવા ૧૫ ટકા માંગેલાગીર સોમનાથ એ છટકું ગોઠવીને કર્મચારીને ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માળિયા હાટીના તાલુકાની ચોરવાડ નગરપાલિકાનો જુનિયર ઈજનેર ગીર સોમનાથ એસીબીના છટકામાં .. લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો છે, અહી વોર્ડ નંબર-૨ માં પેવર બ્લોકના કામના બિલનો ચેક આપવાના બદલામાં ૧૫ ટકા રકમ લાંચ સ્વરૂપે માંગી હોવાનું સામે આવ્યું છે.

ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર-૨ માં વર્ષ ૨૦૨૨ માં એક કોન્ટ્રાક્ટર દ્વારા પેવર બ્લોકનું કામ કર્યું હતું. જેનું બીલ પાસ થયેલ અને તે બિલનો ચેક પણ આવી ગયો હતો,પરંતુ તે ચેક આપવાના બદલામાં ચોરવાડ પાલિકાના બાંધકામ શાખાના કરાર આધારિત જુનિયર ઈજનેર રાજેશ ખીમજી સેવરા ઉ.૩૯ એ કોન્ટ્રાક્ટર પાસેથી બીલની રકમના



૧૫ ટકા લેખે રૂ.૧.૪૬ લાખ લાંચ માંગી હતી, બાદમાં રૂ.૧.૪૩ લાખ આપવાનું નક્કી થયું અને અરજદારે આ અંગે ગીર સોમનાથ એસીબીનો સંપર્ક કરતા પી.આઈ. ડી.આર. ગઢવી સહિતના સ્ટાફે ચોરવાડ નગરપાલિકાની બાંધકામ શાખામાં જ જુનિયર ઈજનેરને લાંચની ર્ક લેતા રંગેહાથઝડપી લીધો છે.

# નામચીન મહિલા ડ્રગ્સ પેડલરનો પુત્ર રિવોલ્વર સાથે ઝડપાયો

## બેડી ચોકડી ઓવરબ્રીજ નીચે એસઓજીનું સફળ ઓપરેશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગેકાયદેસર હથિયાર ધરાવતા ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની અને આર્મ્સ એકટના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની સુચના અન્વયે એસઓજી ટીમે હથિયારના ગુનામાં વોન્ટેન્ડ મહિલા પેડલરના પુત્રને હથિયાર સાથે દબોચી લઈ હથિયાર કયાંથી લાવ્યો અને શું ઉપયોગમાં લેવાનો હતો તે જાણવા રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

શહેરમાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની સુચના અન્વયે એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સટેબલ ફિરોજ રાઠોડ, હાર્દીકસિંહ પરમાર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ડીસીબી પોલીસ મથકના




ગુનામાં વોન્ટેડ મહિલા પેડલરનો પુત્ર ગેરકાયદેસર હથિયાર સાથે બેડી ચોકડીના પુલ નીચે હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડી રૈયાધાર સ્લમ કવાર્ટર નં ૫૦૬માં રહેતો હિતેશ સુનીલભાઈ ધામેલીયાને દેશી બનાવટી રિવોલ્વર સાથે દબોચી રૂ.૧ હજારનો મુદામાલ કબજે કર્યો હતો.કયાંથી હથિયાર લાવ્યો અને શું ઉપયોગમાં લેવાનો હતો તે જાણવા પોલીસે ઝડપાયેલા શખસને રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલ રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પરથી ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યા યુવાનને મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મોતનું કારણ જાણવા મૃતદેહને પીએમમાં ખસેડી ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસે શેરીમાં શ્રીજી ઓટો પાર્ટસ નામની દુકાન પાસે બેભાન હાલતમાં અજાણ્યો યુવાન (ઉ.વ.૩૫) મળી આવ્યો હતો. જેના માથાના ભાગે તથા શરીરે ઈજા થયેલી હોય તેને બેભાન

## મૃતક યુવાનની ઓળખ મેળવવા અને વાલી વારસની શોધખોળ

સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી માલવિયાનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. કોઈ અકસ્માતમાં ઈજા થયાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જો કે ઓળખ થયા બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ-પોરબંદર ટ્રેનના વિકલાંગ કોચમાંથી અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો

## હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે પહોંચાડયા બાદ ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી

**મુખ્ય સમાચાર, પોરબંદર**

રાજકોટ-પોરબંદર ટ્રેનમાંથી અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવતા પોલીસે હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે પહોંચાડયા બાદ ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોરબંદર આઉટપોસ્ટ પોલીસમથકના હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ પરબતભાઈએ જણાવ્યુ હતુ કે તા. ૨૫-૫ના સાડા અગિયાર વાગ્યે રાજકોટ પોરબંદર ટ્રેનના વિકલાંગના કોચમાંથી એક અજાણ્યા ૬૫ વર્ષના વૃધ્ધ બેભાન હાલતમાં મળી આવ્યા હતા.

આથી રેલ્વેસ્ટેશન ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામા આવતા તાત્કાલિક વાન આવી પહોંચી હતી અને ઈ.એમ.ટી.એ તપાસ કરતા એ વૃધ્ધને મૃત જાહેર કર્યા હતા આથી તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે લઇ જવાયાબાદ પોલીસે તેની ઓળખની તજવીજ હાથ ધરી છે.

# યુવકને ખેતર ખેડવા મુદ્દે બનેવી સહિત બે શખ્સોએ આપી ધમકી

## માળિયાના વડાળા ગામે ભાગિયાને ખેતર ખેડવાનું કહેતા બનેવીએ ખેડ નહીં કરવા ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલ વાંકાનેર સોસાયટીમાં સૂર્યરાજ મકાનમાં રહેતા વિશ્વરાજસિંહ રામભાઈ ભલગરિયા(ઉ.વ.૨૯)ને માળીયા હાટીનાના રામ જરૂખા વાડી ખાતે રહેતા તેમના બનેવી બનેસિંહ ઘનશ્યામભાઈ સીસોદીયા અને તેમના ભાઈ નિલેશભાઈએ ફોન કરી ગાળો આપી અને ધમકી આપતા ફરિયાદ નોંધાઈ હતી.

વિશ્વરાજસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ખેતી કામ કરી મારા તથા મારા પરિવારનુ ગુજરાન ચલાવુ છુ.આજથી દશ દિવસ પહેલા મે મારી માળીયા હાટીના તાલુકાના વડાળા ગામમાં આવેલ મારા માતા અંબાબેન રામભાઈ ભલગરિયાની માલીકીની પંચાવન વિઘા જમીન આવેલ છે જે મહેન્દ્રસિંહ અરજણભાઈ સોલંકી(રહે. સીલોદર ગામ જી. જુનાગઢ)ને ભાગમા ખેતી વાવેતર માટે આપેલ અને તે અમારા ઉપરોક્ત ખેતરે ખેડ કરે છે.

અમે આ બાબતનુ નોટરાઈઝ લખાણ પણ કરાવેલ છે. આ મહેન્દ્રસિંહ નો તા.૨૪/૦૫ના સાંજના સાડા આઠેક વાગ્યાની આસપાસ ફોન આવેલ અને મને જણાવેલ કે હુ ખેતરે કામ કરતો હતો ત્યારે તમારો બનેવી બનેસિંહ ઘનશ્યામભાઈ સિસોદીયા મારી પાસે આવેલ અને મને કહેલ કે આ ખેતર મારુ છે અને મારે અહિંયા ખેડ નથી કરવી જેથી તુ અહિયાથી નિકળી જા.

જેથી મે મારા ભાગિયા મહેંદ્રસિંહ સોલંકીનો ફોન કાપી રાત્રીના મારા બનેવી બનેસિંહ ઘનશ્યામભાઈ સિસોદીયાને ફોન કરેલ અને કહેલ કે તમે મારા ખેતરે જઈ ભાગિયાને કેમ મારા ખેતરમાંથી જતા રહેવાનુ કહેલ તેટલાંમાં બનેસિહ મારી સાથે ફોનમા ઝઘડો કરવા લાગેલ અને ગાળો દેવા લાગેલ અને આ અગાઉ પણ છ એક મહિના પહેલા આ જમીન બાબત-મા આ મારા બનેવી બનેસિંહ ને મોટાભાઈ નિલેશભાઈ ઘનશ્યામભાઈ સિસોદીયાને ફોન કરી વાત કરતા તેમણે ફોનમા ગાળો આપી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# ગોંડલના બન્ને ડિવિઝનના પીઆઈની તત્કાલી અસરથી બદલી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં એ ડિવિઝન તથા પોલીસ સુલતાનપુર પોલીસ સ્ટેશનનાં પીઆઈ ની તત્કાલ અસરથી બદલી થતા તર્કવિતર્ક સર્જાયા છે

વિવાદી યુ ટુબર બન્ની ગજેરા પ્રકરણમાં મદદગારીમાં એડવોકેટ દિનેશભાઈ પાતર તથા ગોંડલનાં બંને ડિવિઝનનાં પીઆઇની તત્કાલ અસરથી બદલી બંનેની વિંછીયા અને ધોરાજી પોલીસ સ્ટેશનમા બદલી થતાં જાતજાતની ચર્ચાઓ ઉઠી પિયુષ રાદડીયાની ધરપકડ બાદ ગોંડલ તાલુકા ગોંડલ એડીવીઝન, બીડીવીઝન સુલતાનપુર નોંધાયા હોય આ બન્નેએ પોલીસ દ્વારા ટોર્ચર કર્યાનાં સોશિયલ મિડિયા દ્વારા આક્ષેપ કર્યા હતા.આ અંગે અલ્પેશ કથીરિયાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ ફરિયાદ કરી હતી.દરમિયાન આ પોલીસ સ્ટેશનોનાં પીઆઈ ની જીલ્લા પોલીસ અધિક્ષક હિકમરસિંહ દ્વારા તત્કાલ અસરથી જાહેર હિતમાં જગ્યાએ થવા કરતા બન્ની ગજેરા પ્રકરણમાં બદલી થયાની ચર્ચાઓ થઇ રહીછે.

ગોંડલ એ'ડીવીઝન પોલીસ સ્ટેશન નાં પીઆઇ એ.સી.ડામોર ની બદલી વિછીયા પોલીસ સ્ટેશન માં તથા ગોંડલ બી'ડીવીઝન પીઆઈ જે.પી.ગોસાઈ ની ધોરાજી તાલુકા પોલીસ મૂાંઇ છે. જ્યારે સુલતાનપુર સ્ટેશન નાં એમ.જે. ચૌધરીને લીવરિઝર્વ રખાયા છે.એ ડિવિઝન માં ધોરાજી થી એલ.આર.ગોહિલ તથા બી ડીવીઝન માં વિછીયા થી જે.પી.રાવ તથા સુલતાનપુર પોલીસ સ્ટેશન માં જે એમ.ખાચર ની નિમણુંક કરાઈ છે.